યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૨ અંક - ૩ માર્ચ - ૨૦૧૫

Postal Registration No. GAMC 1417/2015-2017 Valid up to 31-12-2017 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-



## રોગીઓને સંદેશ

ઘણા ખરા રોગોની ઉત્પત્તિ વધારે પડતું ભોજન, અધિક મૈથુન તથા ક્રોધ અને ઘૃણાના અતિરેકથી થાય છે. જો મનને શાંત રાખવામાં આવે તો તમારું સ્વાસ્થ્ય, બળ અને શક્તિ અતિવિસ્મયકારક થશે. અનેક પ્રકારના રોગો અત્યંત વીર્યક્ષય તથા વારંવાર ક્રોધના ઉદ્વેગને લીધે થાય છે.

- સ્વામી શિવાનંદ

ૐ

## શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે સદ્‌ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ જન્મ શતાબ્દી કાર્યક્રમની રૂપરેખા અને અપીલ

શ્રી સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનું જન્મ શતાબ્દી વર્ષ - આ વર્ષે ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૫થી પ્રારંભ થશે, જેનું સમાપન ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ થશે.

શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે આ નિમિત્તે થોડાં અગત્યનાં કાર્યો થાય તે બાબત ટ્રસ્ટી મંડળ અને વ્યવસ્થાપક મંડળ દ્વારા વિચારણા હાથ ધરવામાં આવેલ છે.

(૧) આશ્રમના વાર્ષિકોત્સવ પ્રસંગે ૨૧ એપ્રિલ, ૨૦૧૫થી ૨૮ એપ્રિલ, ૨૦૧૫ સુધી પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની વ્યાસપીઠે મોટાપાયા પર શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવું. આ પ્રસંગે યજમાનો-પોથીઓ નોંધવી અને એક સ્મારિકાનું પ્રકાશન પણ કરવું.

(૨) ઉપરોક્ત કથાનું આયોજન આશ્રમ વિકાસ માટે ધનોપાર્જન માટે કરવું.

- જેમાં મુખ્યત્વે આશ્રમના પૂર્વ પ્રવેશદ્વારમાં પ્રવેશ કરતાં જમણી તરફ જે ખાલી જગ્યા છે, ત્યાં ''શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી સ્મૃતિ-યોગ-ભવન''નું નિર્માણ કરવું.
- આ ભવનમાં ભોંયતળિયે તથા ગ્રાઉન્ડ ફ્લોર ઉપર એમ બે કાર પાર્કિંગ કરવાં.
- પહેલા માળે ૧૨ આવાસીય સુંદર રૂમ તૈયાર કરવા, જેને ભવિષ્યમાં યોગ શિક્ષક તાલીમના પ્રશિક્ષાર્થીઓ અથવા વિશિષ્ટ મહેમાનોના નિવાસ માટે ઉપયોગમાં લઈ શકાય. આ રૂમો વચ્ચેની જગ્યામાં નાનો વિશાળ ખંડ થશે. તેનો ઉપયોગ સત્સંગ-યોગ પ્રવૃત્તિ માટે કરી શકાશે.
- બીજા માળે સભા વિશાળ કક્ષનું નિર્માણ થાય.

(૩) આ 'SIVA' (Sivananda International Vedant Yoga Academy) ભવન માટે નકશાઓ તૈયાર થઈ ગયા છે, ૨૪ જાન્યુઆરી, ૨૦૧૫ ને શનિવારે વસંતપંચમીના પવિત્ર પ્રભાતે 'SIVA'નું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે.

(૪) ૨૫ નવેમ્બર, ૨૦૧૫ થી ૬ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી 'પ્રસ્થાનત્રયી'નું પારાયણ સંતો દ્વારા શિવાનંદ આશ્રમમાં બાર દિવસ માટે રાખવામાં આવેલ છે, જેમાં હરિદ્વાર, હૃષીકેશ, ઉત્તર કાશી, બેંગલોર, મૈસુર, મુંબઈ, તિરુવનંતપુરમ્ તથા રાજસ્થાનથી વિદ્વાન સંતો પધારશે.

(૫) જાન્યુઆરી-૨૦૧૬ દરમ્યાન સમગ્ર ગુજરાતની કોલેજોના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા તેમજ શાળાના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, રમતગમત અને ચિત્ર હરીફાઈનું આયોજન કરવામાં આવશે.

(૬) શ્રી સ્વામી ચિદાનંદ સ્મૃતિ વ્યાખ્યાનના અમદાવાદ ખાતે આ વર્ષ દરમ્યાન ચાર વખત અને તે સિવાય ગુજરાત અને ભારતમાં અન્ય સ્થળોએ પણ સપ્ટેમ્બર-૨૦૧૬ સુધી આયોજવામાં આવશે.

(૭) ઈ.સ. ૨૦૧૬ના એપ્રિલ-મે મહિના દરમ્યાન શિવાનંદ આશ્રમમાં વિશાળ સાધુ-સમાગમ-સત્સંગ સમારોહ યોજાશે.

(૮) દર વર્ષે વિતરણ કરવામાં આવતી નોટબુકોમાં પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજના જીવનમાંથી વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્પદ વાતો છાપવામાં આવશે.

(૯) આ વર્ષે ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ લિખિત 'સાધના' ગુજરાતી સંસ્કરણ છઠ્ઠી આવૃત્તિ છાપેલ કિંમત રૂ. ૨૫૦/- છે, જે માત્ર રૂ. ૧૦૦/-માં જ આપવામાં આવશે. તેવી જ રીતે શ્રી વિષ્ણુસહસ્રનામ, શિવાનંદ આશ્રમની દૈનિક પ્રાર્થનાઓની પુસ્તિકા ઉપરાંત શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ લિખિત 'Light Fountain'ના ગુજરાતી સંસ્કરણનું પ્રકાશન પણ કરવામાં આવશે. આ બધાં પુસ્તકો ૪૦% કમિશન સાથે આપવામાં આવશે.

(૧૦) સમાપન સમારંભ સત્સંગ, સ્વાધ્યાય, મૌન-ધ્યાન-જપ શિબિર સાથે સમાપ્ત થશે.

શિવાનંદ આશ્રમ અમદાવાદ માટે 'Divya Jivan Sanskrutik Sangh'ના નામથી આપવામાં આવતું આપ સૌનું ઉદાર ચરિત દાન આયકર અધિનિયમની કલમ ૮૦-G અન્વયે ૫૦% કરમુક્ત છે.

મંત્રી, દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૧૨ અંક : ૩ માર્ચ-૨૦૧૫



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)**
**ડૉ. મફતભાઈ જે. પટણી**
**શ્રીમતી રૂપા મજમુદાર**

○

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**

**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

## લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ॐ

**अन्यदेवाहुः सम्भवादन्यदाहुरसम्भवात्।**
**इति शुश्रुम धीराणां ये नस्तदविचचक्षिरे ॥**
**सम्भूतिं च विनाशं च यस्तद् वेदोभयं सह ।**
**विनाशेन मृत्युं तीर्त्वा सम्भूत्यामृतमश्नुते ॥**

ईशावास्योपनिषद् - १३, १४

અવિનાશી બ્રહ્મની ઉપાસનાથી બીજું જ ફળ મળે તેમ બતાવવામાં આવે છે અને વિનાશશીલ દેવ-પિતૃ-મનુષ્ય વગેરેની ઉપાસનાથી તેનાથી જુદું જ ફળ મળે તેમ બતાવવામાં આવે છે. આ પ્રકારે અમે તે ધીર પુરુષોનાં વચન સાંભળ્યાં છે. તેમણે અમને તે વિષયને વિગતવાર સારી રીતે સમજાવ્યો હતો.

જે મનુષ્ય તે બીજાને અર્થાત્ અવિનાશી પરમેશ્વરને અને વિનાશશીલ દેવોને પણ સાથે સાથે યોગ્ય રીતે જાણી લે છે તે વિનાશશીલ દેવાદિની ઉપાસનાથી મૃત્યુને પાર કરીને અવિનાશી પરમેશ્વરની ઉપાસનાથી મળતા અમૃતનો ભોગ કરે છે. અર્થાત્ અવિનાશી આનંદમય પરબ્રહ્મ પુરુષોત્તમને પ્રત્યક્ષ પ્રાપ્ત કરી લે છે.

## શિવાનંદ વાણી

### રામ નામનો મહિમા

રામ કરતાં પણ શું વધારે ઉચ્ચ છે? રામનું નામ. કેવી રીતે?

શ્રી હનુમાને એક વખત શ્રી રામચંદ્રને કહ્યું: ''ભગવન્, આપના કરતાં પણ એક વસ્તુ વધારે ઉચ્ચ છે.'' આ સાંભળી રામચંદ્રને આશ્ચર્ય થયું તેમણે પૂછ્યું : ''હનુમાન, મારા કરતાં વધારે ઉચ્ચ વસ્તુ કઈ છે?'' હનુમાને ઉત્તર આપ્યો: ''આપે તો હોડીમાં બેસીને નદી ઓળંગી હતી, પણ હું તો રામનામથી સમુદ્ર ઓળંગી ગયો હતો. તો આપનું નામ આપના કરતાં વધારે ઊંચું છે.''

તમારે રામનું નામ સંપૂર્ણ શ્રદ્ધા અને ભક્તિથી લેવું જોઈએ તો રામનામનો દિવ્ય પ્રભાવ સમજાશે.

**- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | ઈશાવાસ્યોપનિષદ્ | | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૪ |
| ૩. | સંપાદકીય | તંત્રી | ૫ |
| ૪. | ભગવદ્દર્શન - ૪ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૬ |
| ૫. | જ્ઞાનથી ભક્તિ ફળે | શ્રી સ્વામી ચિદાનંદજી | ૯ |
| ૬. | ચિંતાની ટેવનું નિવારણ | શ્રી સ્વામી જ્યોતિર્મયાનંદજી | ૧૨ |
| ૭. | રામના બની જઈએ | શ્રી સ્વામી અભિરામદાસજી ત્યાગી | ૧૪ |
| ૮. | આનંદ કુટીરનો સાદ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૧૬ |
| ૯. | શિવાનંદ કથામૃત | ગુરુદેવના સંન્યાસી શિષ્યો | ૧૭ |
| ૧૦. | ચિદાનંદ દર્શન | | ૨૧ |
| ૧૧. | શ્રદ્ધા અને સામર્થ્ય | શ્રી સ્વામી વિવેકાનંદજી | ૨૨ |
| ૧૨. | ૐ જયો જયો મા જગદંબે | શ્રીમતી રૂપા મજમુદાર | ૨૩ |
| ૧૩. | અહો અહો શ્રીસદ્ગુરુ | શ્રીમોટા | ૨૭ |
| ૧૪. | નિત્ય સ્વાધ્યાય | શ્રી સ્વામી ચિદાનંદજી | ૨૯ |
| ૧૫. | વૃત્તાંત | | ૩૦ |
| ૧૬. | જાહેરાત | | ૩૩ |


## તહેવાર સૂચિ

**માર્ચ - ૨૦૧૫**

| તા. | તિથિ | (ફાગણ સુદ) |
|---|---|---|
| ૧ | ૧૧ | એકાદશી |
| ૨ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૫ | ૧૫ | પૂર્ણિમા, શ્રી ગૌરાંગ મહાપ્રભુ જયંતી |
| ૬ | ૧૫ | હોળી |
| | | **(ફાગણ વદ)** |
| ૧૬ | ૧૧ | એકાદશી |
| ૧૮ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૨૦ | ૩૦ | અમાવાસ્યા |

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**● શક્તિ ●**

આ વિશ્વ એક નાટક માત્ર છે! ગતિશીલતાના પ્રતીક સમી મા શક્તિનું એ અગમ્યરૂપ છે, જે અચળ શાશ્વત પરમતત્ત્વ પર અધિષ્ઠિત છે. આ પરમ વિસ્ફોટક ગતિશીલતા એ મૂળભૂત શક્તિ છે, આદિ શક્તિ છે, મહાશક્તિ છે, પરાશક્તિ છે, મહાલક્ષ્મી છે. આમ તો એ આપણી કલ્પના બહારની શક્તિ છે. બ્રહ્માશક્તિ, વિષ્ણુશક્તિ તથા શિવશક્તિરૂપે એનું પ્રાગટ્ય એ સાધારણ માણસની સમજબુદ્ધિ બહારની આધ્યાત્મિક સંકલ્પના છે.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

પાનખર પૂરી થઇ છે. વસંતનું આગમન થયું છે. જાણે કેમ બીજી બધી ઋતુઓ જાનૈયાઓ અને વસંતની જાન આવી હોય. હેમંત ઓસરવા લાગ્યો અને વસંત વરરાજા બન્યા હોય તેવું વરતાઇ રહ્યું છે.

ઋતુઓમાં આકસ્મિક પરિવર્તન આવતાં શિશિરની વિદાય ક્યારે થઇ તેની જાણ થાય પૂર્વે ઉનાળો આકરો થવા લાગ્યો છે. આંબે મોર ખૂબ બેઠો છે. આમ થતાં વનપૂંજોમાં આંબો શણગાર સજતો હોય અને વનમાં 'હું' એટલે માત્ર 'હું' જ 'મૈં હૂં''નું સામ્રાજ્ય જમાવી રહ્યો છે.

પરંતુ વસંતના વાયરાઓ વચ્ચે ઘણો ખરો મોર તો ખરી જ જાય, છતાં જે વળગી રહે તેમાંથી મરવા પેદા થાય. ગરમી અને આકસ્મિક લૂ વધતાં મરવા મોટા થઇને સુંદર કેરીઓનું રૂપ તો ધારણ કરે, પરંતુ વંટોળિયે આવતી થપાટોને કારણે મોટા ભાગની કાચી કેરી - એબીઓ ખરી પડતી હોય છે. કોયલ, કાગડા, વાંદરા, છોકરાં આ બધાંથી જે બચી રહે અને આંબાની ડાળને છોડે જ નહીં, તે કેરી મોટી થાય. સોહામણી સુંદર દેખાય. પાકે અને રસમધુરી થાય. પરંતુ આખી વાતની એક વાત કે તેણે તેના આંબાને વળગી રહેવું પડે. જે પોતાનાં મૂળને, જનકને અસ્તિત્વને વળગી રહે તેની વૃદ્ધિ થાય, વિકાસ થાય, ઉત્કર્ષ અને અભ્યુદય થાય.

આપણાં આધ્યાત્મિક જીવનોનું પણ કંઇક એવું જ છે. આપણે આપણો ધર્મ સંભાળીએ. આપણી સાધનાની સરવાણીને ઓસરવા ન દઇએ. આપણા જીવન પ્રદીપની શગને સંકોરતાં રહીએ અને જરૂર હોય તેટલું તેલ પણ પૂરતાં રહીએ તો દીવો અખંડ રહે. પ્રકાશમાન રહે. હોલવાય નહીં, અંધારું ન થાય. પ્રકાશ અખંડ રહે.

આતમનાં અજવાળાંને જાગૃત રાખવા માટે પણ આપણે આત્મતત્ત્વને વળગી રહેવું જોઇએ. અનાત્મથી રક્ષવું જોઇએ, કારણ આત્મા જ શાંતિ આનંદ અભ્યુદય અને ઉત્કર્ષનો માર્ગ છે. અનાત્મામાં અશાંતિ દુઃખ, યાતના અને પતન નિશ્ચિત છે, માટે આત્માનું જ અનુસંધાન કરીએ.

ફાગણ સુદ પૂનમની હોલિકાદહનની કથા પણ કંઇક એવું જ કહે છે. ધર્મનો જય અને અધર્મનો પરાજય. દૈવી તત્ત્વોનું સંરક્ષણ અને આસુરી શક્તિઓનું વિસર્જન, પરંતુ આ દૈવી શક્તિઓનું ઉપાર્જન ક્યાંથી થયું. ભક્ત પ્રહ્લાદ તમામ આસુરી યાતનાઓ વચ્ચે સ્વકીય નારાયણની ભક્તિને વળગી જ રહ્યો, તેથી જ તેનું નામ આજે પણ પૂજનીય-વંદનીય છે.

માનવ માત્રનો સ્વભાવ માનવતામાં જ ધન્ય છે. માનવમાં દૈવી ગુણો છે તેમ આસુરી પ્રકૃતિ પણ છે. આ આસુરી પ્રવૃત્તિ ઉપર વિજય માટે જ ''એક તું એક તું એમ ભાસે''ની જેમ આપણે આપણા ઈષ્ટ, આપણા ગુરુ, આપણા ગુરુમંત્ર, આપણી સાધના અને જીવનના લક્ષ્યને વળગી રહેવું જોઇએ.

ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજના જન્મ શતાબ્દી વર્ષના આગમનની આલબેલ વાગવા માંડી છે. તેનાં વધામણાંનો એક જ સ્પષ્ટ અને સુરેખ માર્ગ છે; શ્રીગુરુદેવે ચીંધ્યો વીસ આધ્યાત્મિક નિયમો, સાધના તત્ત્વો, વિશ્વપ્રાર્થનાની ત્રિવેણીમાં અવગાહન કરીએ અને તેનું આપણી દૈનિક આધ્યાત્મિક સાધનામાં સાતત્ય જાળવી રાખીને, શુદ્ધોઽહમ્, બુદ્ધોઽહમ્, નિર્વિકલ્પોઽહમ્ કે In all condition I am Bliss Bliss Blissની અનુભૂતિ કરીએ, ત્યાં જ શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દીનું સાર્થક્ય ! ૐ શાંતિ.

**- સંપાદક**

# ભગવદ્દર્શન - ૪

**ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી**

સમાધિ અથવા ભગવદ્દર્શન સર્વોચ્ચ આધ્યાત્મિક અનુભવ છે. તેને સમાધિ અથવા બોધનાવસ્થા કહેવામાં આવે છે. આ જીવનનું અંતિમ લક્ષ્ય છે. આ એવી અવસ્થા છે કે જેમાં સાધક જીવનમુક્ત મહાત્મા બની જાય છે. તે પૂર્ણ રીતે ભગવાન સાથે એકાકાર થઈ જાય છે. તે ધ્યાન દરમિયાન કે ધ્યાન ન કરતો હોય તે વખતે પણ તેની આસપાસના જગતમાં ભગવાન સિવાય બીજું કંઈ જોતો નથી. આ ભગવાનનું ભવ્ય પણ દર્શન છે.

આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે સમાધિ એ મનુષ્યની અધ્યાત્મખોજની પરાકાષ્ઠા છે. તે યોગનો હેતુ અને યોગનું ધ્યેય છે. ઘણા લોકો પ્રાણાયામ અને કુંડલિનીયોગ તરફ આકર્ષાયા છે, કારણ કે તેનાથી મન દ્વારા રોગ મટાડવાની શક્તિ, ટેલિપથી- મન દ્વારા વિચારવિનિમયની વિદ્યા- તથા અન્ય શક્તિઓ પ્રાપ્ત થાય છે. જીવનનું ધ્યેય રોગનિવારણ કરવું કે અન્ય શક્તિઓ પ્રાપ્ત કરવી તે નથી. તેમણે તેમની શક્તિનો ઉપયોગ સર્વોચ્ચ ધ્યેય-ઈશ્વરનો સાક્ષાત્કાર-પ્રાપ્ત કરવામાં કરવો જોઈએ તો જ તેમને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થશે.

જેમ ગોલ્કાંડાની સોનાની ખાણોમાં કેટલું ધન છુપાયેલું છે તેનો અંદાજ ન બાંધી શકાય, તેમ પરમ જ્ઞાનની સ્થિતિનો પૂર્ણ અંદાજ કોઈ પણ વ્યક્તિ ન બાંધી શકે. તે શાશ્વતતા અને અમરતાની અવસ્થા છે.

તમે સૌ સમાધિ-અવસ્થા પ્રાપ્ત કરો અને મનુષ્યજીવનના હેતુને સિદ્ધ કરો! તમારા સર્વ પ્રયત્નો પરિપૂર્ણ થાઓ!

**સમાધિ એટલે શું?**

સમાધિ આંતરિક દિવ્ય અનુભવ છે, જે મન અને વાણીથી પર છે. તેને વ્યક્ત કરવા કોઈ સાધન કે ભાષા નથી. સમાધિ એટલે પૂર્ણ આનંદ અને શાંતિ. સમાધિમાં બધી જ મનની ક્રિયાઓ બંધ થઈ જાય છે. કર્તા અને કર્મ, દ્રષ્ટા અને દૃશ્ય કે ધ્યાતા અને ધ્યેયનો તફાવત રહેતો નથી.

સમાધિ એ અધકચરા પ્રયત્નોથી પ્રાપ્ત થઈ જાય તેવો અનુભવ નથી. ભગવદ્દર્શન માટે કડક નિયમો પાળવા પડે છે અને આહાર તથા બ્રહ્મચર્ય જેવી આધ્યાત્મિક શિસ્તનું પાલન કરવું પડે છે. સાધકનું અંતઃકરણ શુદ્ધ હોવું જોઈએ. ભગવદ્દર્શન ઉચ્ચ પ્રકારનાં સરળતા અને સમર્પણ માગી લે છે.

ભગવદ્ગીતામાં આપણે ભગવાન શ્રીકૃષ્ણે તેમના લાયક શિષ્ય અર્જુનને વિશ્વરૂપદર્શન કરાવ્યું તે વિષે શીખી ગયા છીએ. આ રૂપ જોઈને તેને ભય લાગ્યો હતો અને તે આશ્ચર્યમુગ્ધ થઈ ગયો હતો. જે માણસે નૈતિક શિસ્તથી પોતાની જાતને તૈયાર કરી નથી તેને વિશ્વરૂપદર્શનનો અનુભવ થઈ શકતો નથી. આપણી મર્યાદિત ચેતનાના ઓચિંતા વિસ્તરણથી આવતા દબાણને સહન કરવા શરીર અને મનને પૂરતાં તૈયાર કરવાં જોઈએ. તેથી ઈશ્વરનું દર્શન પ્રાપ્ત કરતાં પહેલાં ખૂબ તૈયારી અને પ્રબળ સાધના કરવી જરૂરી છે.

**ઈશ્વરદર્શનનો અનુભવ**

જીવનના એકત્વના પૂર્ણ જ્ઞાનને ઈશ્વરદર્શન કહે છે. સાધકને લાગે છે કે બ્રહ્માંડ એક જ જીવનથી ભરેલું છે; તે જીવન ચેતન છે; તે કોઈ અંધ બળ કે નિર્જીવ પદાર્થ નથી. આ દર્શન તેને અંતઃ કે દિવ્ય ચક્ષુથી થાય છે અને તે એવાં આનંદ અને શાંતિ અનુભવે છે કે જે સમજ અને વર્ણનથી પર છે. તે ખરેખર એવું અનુભવે છે કે જે કંઈ છે તે બધું તે પોતે જ છે; સર્પ, વીંછી, વાઘ, કીડી એ બધાં આંખ, નાક, હાથ અને પગની જેમ પોતાનાં અંગો જેવાં છે.

ઈશ્વરદર્શન પામનાર સર્વવ્યાપક સૂક્ષ્મ તત્ત્વ, ફૂલો, સૂર્ય, મહાસાગર અને આકાશ સાથે તદાકાર થઈ જાય છે. તે પોતાની નસોમાં જીવનનું અમૃત, અમરત્વનું પીયૂષ વહી રહેલું અનુભવે છે. તેને સકળ વિશ્વ પ્રેમની તૃપ્તિના મહાસાગરમાં નિમજ્જન કરી રહ્યું હોય તેવી અનુભૂતિ થાય છે. આવો અનુભવ સાદર ભય, પરમ આનંદ અને નિર્ભેળ સુખની પ્રેરણા કરે છે.

દિવ્ય દર્શન ખરેખર ગૌરવાન્વિત હોય છે. ઈશ્વરસાક્ષાત્કારની અવસ્થામાં રંગાયેલો યોગી આનંદથી પોકારી ઊઠે છેઃ ''હું કેટલો અદ્‌ભુત છું! મને પોતાને નમસ્કાર! હું મારો નાશ જોતો નથી. કદાચ ઘાસના તણખલાથી માંડી બ્રહ્મ સુધીના બ્રહ્માંડનો નાશ થઈ જાય તો પણ હું રહીશ.''

હું કેટલો આશ્ચર્યજનક છું! શક્તિમત્તામાં મારી બરાબરીનું કોઈ નથી. આખા વિશ્વને હું આધાર આપી રહ્યો છું. હું આકાશની જેમ અનંત છું; જગતનો ત્યાગ, સ્વીકાર કે નાશ કરવાની જરૂર નથી. હું સર્વ ભૂતોમાં છું અને સર્વ ભૂતો મારામાં છે. હું અનંત મહાસાગર છું; ભલે વિશ્વના તરંગો મારામાં ઊછળે કે લુપ્ત થાય. તેનાથી મારાં વૃદ્ધિ કે ક્ષય થતાં નથી.''

આ છે ઋષિનું અલૌકિક દર્શન!

અહીં સદ્‌ગુરુ સ્વામી શિવાનંદજીના કેટલાક અનુભવો રોમાંચક કાવ્યોરૂપે દર્શાવ્યા છે. તેમણે વર્ણવેલા ઘણા અનુભવોમાંથી આ નીચેના ચારની પસંદગી કરી છે.

**નવજીવનનું પ્રભાત**

થાક્યો હતો હું વિષયસુખોના ભ્રામક જીવનથી,
શરીર-કેદ પ્રત્યે ઘૃણા થઈ મને,
થયો મને સત્સંગ મહાજનોનો
પીધું અમૃત મેં તેમના ઉપદેશનું;
પાર કર્યું ભીષણ વન પ્રેમ ને ધિક્કારનું,
ઘૂમ્યો સુદૂર શુભાશુભના જગતથી પર,
આવી પૂગ્યો હું અલૌકિક મૌનના સીમાડે
ગ્રહી લીધી ભવ્યતા આતમરામની;
છોડી ગઈ મને બધી દિલગીરીઓ,
આનંદથી છલોછલ મમ હૃદય ભરાયું,
શાંતિ પ્રવેશી મમ આતમામાં,
ઓચિંતુ થયું ઉત્થાન મારા જીવનનું,
થયું પ્રભાત નવા જીવનનું
વાસ્તવિકતાના અંતઃવિશ્વનો અનુભવ કીધો,
આત્મા અને હૃદયને ભર્યાં અદૃશ્ય તત્ત્વે,
અવર્ણનીય પ્રકાશના પૂરમાં હું નાહ્યો,
બધાં નામરૂપોની પૃષ્ઠે નિહાળ્યા પ્રભુને.
અનુભવ્યું મેં, ''પ્રકાશ હું છું.''

**મહાન વૈશ્વિક અનુભવ**

અનંત મહાનંદે ભળી ગયો હું,
અમરાનંદના મહાસાગરમાં તર્યો,
તર્યો અનંત શાંતિના રત્નાકરે,
ગળ્યો અહમ્ ને ગયા વિચારો
ઇન્દ્રિયો મારી વિલીન થઈ ગઈ
થઈ ગયો દૂર જગદાભાસ મારો.
અનુભવ્યો સર્વવ્યાપકભાવ મેં તો
ભુલાઈ ગયો ભેદ અંતઃ ને બાહ્યનો
ન રહ્યું કંઈ 'આ' કે 'પેલું'
'' 'હું', 'તું' 'તે' અને 'તેણી' ''ની ન રહી કહેણી
ન રહ્યા કાળ ને અવકાશ બેઉ
તો શું રહ્યાં કર્મ ને કર્તા?
કેવી રીતે કહું અદ્‌ભુત અનુભવ મારો?
અસમર્થ છે શબ્દો અને ભાષા છે શાન્ત
જાતે અનુભવો તે અને થઈ જાઓ મુક્ત.

**હું સર્વત્ર હરિ નિહાળું છું**

હું મારા હરિનાં દર્શન કરું છું
ગર્દભના ભૂંકવામાં,

પંખીઓના કિલકિલાટમાં,
ઝરણાંના ખળખળ નિનાદમાં,
એંજિનની સિસોટીમાં
કેદખાનાના સળિયાઓમાં,
નવજાત શિશુના ક્રંદનમાં,
ખિલતાં ગુલાબ ને ચમેલીમાં,
ટાઈપરાઈટરના ખડખડાટમાં,
લલનાના મધુરા હાસ્યમાં,
મૂળાક્ષરોમાં ને સંગીતના નાદોમાં,
દરદીનાં ડૂસકાં ને નિસાસામાં,
સૂક્ષ્મ જીવો, છોડ અને ઔષધિઓમાં,
ઉદધિના તરંગો અને મોજાંઓમાં,
નમન હો ! નમન હો ! શ્રીહરિને.

**હું ફક્ત ભગવાનને જ જોઉં છું**

જે જે દિશામાં નજર મારી ફરે,
હરિ, હરિ, બસ હરિ, હરિ;
વીજળી અને વાદળોમાં,
સૂર્ય, ચંદ્ર ને તારલાઓમાં,
પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ ને આકાશમાં,
ઉપવનો ને વૃક્ષઘટાઓમાં,
પુષ્પ, તરુ ને વેલીઓમાં,
સુરભિ, શ્વાન ને તરંગોમાં,
દ્વાર, વાતાયન, ભીંત ને બાજુઓમાં,
હરિ, હરિ, બસ હરિ, હરિ.

☐ **'યોગના પાઠ'માંથી સાભાર**

---

**(ચિંતાની ટેવનું નિવારણ પાના નં. ૧૩ ઉપરથી ચાલુ)**

ચડિયાતાં બનાવવાં. તમારું સાચું ધ્યેય આ બધાથી પર જઈને તમારેએ જ્ઞાન મેળવવાનું છે કે તમે બ્રહ્મ સાથે એક થઈ ગયા છો-દિવ્ય આત્મા છો.

આત્મસાક્ષાત્કારની સ્થિતિમાં બધી જ ચિંતાઓ અને ગ્લાનિ દૂર થઈ જાય છે. જ્યાં સુધી તમે આ સ્થિતિ પ્રાપ્ત ન કરો ત્યાં સુધી તમારું કાર્ય મનને ગ્લાનિથી મુક્ત અને સકારાત્મક વિચારોથી સભર રાખવાનું હોવું જોઈએ. તમારા મનમાં એ વિચાર જ મૂર્ત થવો જોઈએ કે તમારી અંદર દિવ્યતા છે, તમારી પાસે અનંત શક્યતાઓ પડેલી છે. ઈશ્વરની દિવ્ય કૃપાથી તમારે માટે કોઈ પણ વસ્તુ મેળવવી અશક્ય નથી.

સિદ્ધિઓ કદિ અહમ્‌થી મળતી નથી. જ્યારે તમે અહમ્‌ને ભૂંસી નાખો છો ત્યારે તમને તમારા આત્માની મૂળભૂત ભવ્યતા અને શક્તિની જાણ થાય છે ત્યારે તમારું જીવન આનંદપ્રદ અને તમામ ગ્લાનિથી મુક્ત થાય છે, તમે સ્વર્ગીય પ્રકાશમાં સ્નાન કરો છો. આવું જીવન જીવવાનું મનુષ્યનું ધ્યેય હોવું જોઈએ.

તમે આ ઉન્તત રીતથી જીવવાનું શરૂ કરશો એટલે તમે બીજાઓ પ્રત્યે શાંતિ અને સંવાદિતા ફેલાવશો.

તેથી જેમ જેમ તમે આ મુદ્દાઓ પર પ્રતિભાવ કેળવો તેમ તેમ એવી શ્રદ્ધા વિકસાવવાનો પ્રયાસ કરો કે ચિંતા કરવાની ટેવને તોડી પાડવી જ છે. જો તમે આમ કરવામાં નિષ્ફળ જશો તો પાર વગરના દુઃખોની વણજાર ચાલુ રહેશે. તમે જ્યાં જશો ત્યાં દુઃખ અને ગ્લાનિ જ દેખાશે, પરંતુ જો તમે કષ્ટ અને ચિંતાના આભાસની સમજણ કેળવી હશે અને સકારાત્મક મનનો વિકાસ સાધ્યો હશે તો તમે કોઈ પણ સ્થિતિમાં ગમે તેવી કષ્ટદાયક પરિસ્થિતિમાં હશો તો પણ તમને એ દિવ્ય હાથ હેતપૂર્વક દોરવણી આપશે.

☐ **'સકારાત્મક વિચારશૈલી'માંથી સાભાર**

# જ્ઞાનથી ભક્તિ ફળે

શ્રી સ્વામી ચિદાનંદજી

દિવ્ય ઉપસ્થિતિને શ્રદ્ધાંજલિ. વૈશ્વિક સત્તા તું જ છે. તું સતત અમારો સાથી છે તેવું અમને ભાન કરાવ, જેથી તું જે પ્રકાશ પાથરે છે તેના સહારે અમે ચાલીએ. આ પ્રકાશ અમારી અંદર ડહાપણ થઈને અમારી મૂર્ખાઈ દૂર કરે અને જ્ઞાન બનીને અવિદ્યાના અંધકારને હઠાવે. અમે જ્ઞાનના પ્રકાશમાં ચાલીએ અને રહીએ, કારણ કે તેમાં જ કલ્યાણ છે.

દિવ્ય હિમાલય અને ગંગાના પ્રદેશ એવા આ પવિત્ર ઉત્તરાખંડમાં વેદાન્તના જ્ઞાનના મહાન દીપ્તિ જેમ પ્રકાશતા રહેલા તમે પ્યારા અને આરાધ્ય ગુરુદેવ છો! ''તમસો મા જ્યોતિર્ગમય'' - અજ્ઞાનના અંધકારમાંથી અમે જ્ઞાનના પ્રકાશવાળા પ્રદેશમાં ઊર્ધ્વ ગતિ કરીએ.- આ અમારી પ્રાર્થનાને સત્ય કરો. અમને શાંતિ અને સદ્‌ભાગ્ય તરફ દોરી જતાં જ્ઞાન અને ડહાપણ પ્રદાન કરો. અમે જાણીએ છીએ કે તમે જીવનભર જ્ઞાનયજ્ઞ દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રસાર કરતા રહ્યા છો. તમે મસ્ત માનવજાતના પરમોચ્ચ ભંડાર જેમ પ્રકાશી રહેલ ઉપનિષદોના જ્ઞાનોપદેશનો પ્રસાર કર્યો છે. વેદનું જ્ઞાન માનવજાતે કરેલ ઉપલબ્ધિઓમાં, શિરતાજ અને આભૂષણ સમાન છે. તે અમૂલ્ય આધ્યાત્મિક સંપત્તિથી દુનિયાભરનું માનવ કુટુંબ વધુ સમૃદ્ધ થયું છે.

'સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્ બ્રહ્મ'. પરમ સત્તા સત્ય છે, જ્ઞાન છે. સત્ય અસીમ અને અખૂટ છે, કારણ તે એક જ છે, બધી સાપેક્ષતાથી પર છે, માટે તે અનંત છે. આ જ્ઞાન તેથી અમાપ છે, નિરપેક્ષ જ્ઞાન હોઈ કૈવલ્યજ્ઞાન છે. 'કૈવલ્યજ્ઞાનમ્ અમૃતમ્'-છે, જ્ઞાનામૃત છે.

તેજસ્વી અમર આત્મા! સાધક, આધ્યાત્મિક અન્વેષક અને યોગી જિજ્ઞાસુ કહેવાય છે. જિજ્ઞાસુ એ છે જે જ્ઞાન મેળવવા ચાહે છે. જ્ઞ = જાણવું, આ શબ્દ પરથી જ્ઞાન શબ્દ બન્યો છે. જે જ્ઞાનપિપાસુ છે, જે જ્ઞાનનો અન્વેષક છે, તેને જિજ્ઞાસુ કહેવાય છે, તેથી જે ખરો સાધક હોય તે જિજ્ઞાસુ હોવો જરૂરી છે.

જીવનની સૌથી મૂલ્યવાન પ્રાપ્ત કરવાની વસ્તુ મોક્ષ-મુક્તિ-છે. તત્કાળ મુક્તિ - 'સદ્યોમુક્તિ' કે પછી 'ક્રમમુક્તિ'-ક્રમશઃ મુક્તિ. સદ્યોમુક્તિ હોય કે પછી ક્રમમુક્તિ હોય, માનવીય આકાંક્ષાનું સર્વોચ્ચ લક્ષ્ય હંમેશ મુક્તિ ગણાયેલ છે. શ્રુતિઓ કહે છે, ''ઋતે જ્ઞાનમ્ ન મુક્તિઃ - જ્ઞાન સિવાય મુક્તિ સંભવિત નથી.'' આ ભારપૂર્વક કરેલ ઘોષણા છે, તે એક નિશ્ચિત ઘોષણા છે, તેથી માણસે જિજ્ઞાસુ થવું આવશ્યક છે.

જ્ઞાન ઈચ્છવા લાયક છે. તે પરમ ઈચ્છનીય, મહત્તમ ઈચ્છનીય છે. ભક્તિ તેટલી જ પરમ ઈચ્છનીય છે, તેનાથી પણ મોક્ષ મળી શકે પણ જો ભક્તિમાં ગાંડપણ-ઘેલછા આવે, જો ભક્તિમાં મૂર્ખતા કે દોઢ-ડહાપણ ભળે તો ભક્તિ હોવા છતાં મુશ્કેલી સામે ચાલીને માગી ગણાય અને મુસીબત ઊભી થાય જ. બધા મહાન રહસ્યવાદીઓ, મહાન ભક્તો, મોટા સંતોનાં જીવનમાંથી આ વાત ફલિત થાય છે. જ્યારે તેઓમાં ઘેલછા પેઠી ત્યારે તેઓ મુસીબતમાં મુકાયેલા. ત્યારબાદ તેઓએ ભગવાનને પ્રાર્થના કરી. તેઓ પસ્તાયા, તેઓએ મદદ માટે આર્ત બની અરજ કરીઃ ''હે ભગવાન, અમે તો બધું ગુમાવ્યું, ભલો થઈ, સહાય કર. તું અશરણ-શરણ છે. મેં આ ગાંડપણ કર્યું. આવ, ગમે તેમ પણ આવ! મને બચાવ! મને ઉગારી લે!''

આમ, જ્યારે તેઓએ ઘેલછા કરી ત્યારે તેમણે પાછા ફરી ભગવાનને કૃપા માટે બૂમ પાડવી પડેલી. બધા જ આધ્યાત્મિક સાધકો, અન્વેષક આત્માઓ -

તેઓ ગમે તેટલા દિલથી ભક્તિ કરતા હોય, તેમની ભક્તિમાં તેઓ ગમે તેટલા દૃઢ હોય તેઓ હૃદયપૂર્વક ભક્તિ કરતા હોય છતાં તેમના જીવનમાં તેઓ મુસીબતમાં મુકાયેલા તેવું આપણે તેમના બધાના જીવનમાં જોઈ શકીએ છીએ. તેઓએ જ્યારે વિવેક ન કર્યો, તેઓએ સમજણ ન વાપરી ત્યારે તેઓ સ્વાર્થી થયા, લાલસામાં સપડાયા અને અંતે પસ્તાયા.

એટલે ભક્તિ સારી વાત છે પણ ભક્તના જીવનમાં ઘેલછા ઘૂસે પછી તેની સઘળી સારપ લૂંટાઈ જાય છે. માટે ભક્તિ સાથે જ્ઞાન ભળવું જોઈએ. એક પ્રાર્થના છે : હે ભગવાન, અમને જે ફેરવી ન શકાય તેને સ્વીકારી લેવાની ધીર-ગંભીરતા આપ, પરિવર્તન થઈ શકે ત્યાં તેમ કરવા હિમ્મત આપ અને બન્ને વચ્ચેની ભેદરેખા પારખવા વિવેક પણ આપ.''

''હે પ્રભો આનંદદાતા જ્ઞાન હમકો દીજિયે'' - ''હે આનંદદાતા, અમને જ્ઞાન પ્રદાન કર.'' દરરોજ જે પ્રાર્થના ગાઈએ છીએ તેની આ પહેલી લીટી છે. હવે જો બધા લોકો સુખ અને અખંડ આનંદ શોધે છે અને ઈશ્વરને અખંડ આનંદનો મહાન દાતા કહી બોલાવે છે તો સાથેસાથ જ્ઞાન પણ શા કારણે માગે છે? આ પ્રશ્ન વિચાર માગી લે છે. તેથી સાબિત થાય છે કે તમે અખંડ આનંદ શોધો અને આનંદદાતાને વિનંતી કરો ત્યારે તમે જાણતા હો છો કે ભગવાન ભલે આનંદ પ્રદાન કરવા તૈયાર હોવા છતાં જો ઘેલછા રાખી વર્તન કરશો તો પ્રભુ આનંદ આપવા રાહ જોતો બેઠો હશે છતાં તમે આનંદથી વંચિત રહેશો.''હે આનંદદાતા, અમને જ્ઞાન આપ.'' જ્ઞાન શેના માટે? આપણામાં જે કંઈ સારું ન હોય, જે સઘળું આસુરી હોય, જે બધું દૈવી ન હોય તેને ફેંકી દેવાનુ ભાન થાય માટે જ્ઞાન માગ્યું છે. આપણામાં, આપણી અંદર જ્ઞાન અને આનંદની આડે આવે એવું જે કંઈ હોય તે કાઢી નાખવા માટે જ્ઞાન માગ્યું છે. ''શીઘ્ર સારે દુર્ગુણોં કો દૂર હમસે કીજિયે, લીજિયે હમકો શરણમેં હમ સદાચારી બને, - બ્રહ્મચારી ધર્મરક્ષક સત્યવ્રતધારી બને'' - તને આત્મસમર્પણ કરવાનું અમને ડહાપણ આપ. મારા અહંને તારે હવાલે કરું સદાચારથી વર્તું, સદ્વર્તન અને આધ્યાત્મિકતાનો પંથ પકડું, બ્રહ્મજ્ઞાન તરફ દોરતા પરમ આદર્શ જીવનરાહ પર ચાલું. આ જ્ઞાનનું આપણે રક્ષણ કરીએ, ખ્યાલ રાખીને આ જ્ઞાનને સંભાળીએ, કારણ અમે જાણીએ છીએ કે જ્ઞાન શાંતિ અને આનંદની ખાતરી આપે છે. સત્ય વ્રત નિભાવવાની આપણે શક્તિ પામીએ.

આ પ્રાર્થનામાં આવું જ્ઞાન માગવાનું છે. જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે, શાંતિ છે. જ્ઞાન સિવાય દુ:ખમાં પડીએ. ઘેલછા કરીએ તો પસ્તાવાનો વારો આવે. જ્યારે અર્જુને ડહાપણ ગુમાવ્યું ત્યારે તે પણ શોકમાં પડ્યો. ભગવાન કહે છેઃ ''જ્ઞાની શોક કરતા નથી. જ્ઞાની બધા પ્રત્યે સમદૃષ્ટિથી જુએ છે. જાગ્રત પુરુષ, જે જ્ઞાની હોય તે જાગ્રત અવસ્થામાં જીવે છે, ડહાપણભર્યું જાગ્રત જીવન જીવે છે, તે શોક પેદા કરે એવી વસ્તુઓ પાછળ દોડતો નથી; ક્ષુલ્લક, અસ્થાયી, અપૂર્ણ વસ્તુઓમાં રાચતો નથી; આવી વસ્તુઓ સ્થળ, કાળ અને કારણથી સીમિત હોય છે. તેથી તે ડાહ્યો ગણાય. શાંતિ અને આનંદ ક્યાં છે તે તેને ખબર હોય છે. ડગલે અને પગલે તે ડહાપણ વાપરે છે.

ભક્તિ જરૂરી અને સારી વસ્તુ છે પણ જ્ઞાનથી ભક્તિ ફળે છે, આ કેન્દ્રીય વાત સાધક અને મુમુક્ષુને લાગુ પડે છે, જે માણસે ડહાપણથી સમજવું જોઈએ. જો ભક્તિ સાથે જ્ઞાન અને ડહાપણ ભળે, ભક્તિને ટેકો આપી જીવંત કરે તો શાંતિ અને આનંદ મળે. શ્રી રામકૃષ્ણદેવ કહેતા : ''ભક્તમાં ઘેલછા ન હોવી જોઈએ. ભક્તિને જ્ઞાન ફલિત કરે છે તેથી જ્ઞાન સર્વોચ્ચ ઉપયોગી છે.''

એટલે એક મુમુક્ષુ, આધ્યાત્મિક સાધક જિજ્ઞાસુ પણ હોવો જોઈએ. જ્ઞાન અને ડહાપણ તેના જીવનમાં

વણાયેલ હોય. જ્ઞાન તમારો મોટો મિત્ર છે. ડહાપણ તમારો અમૂલ્ય સાથી છે. સત્સંગ, સદ્‌વિચાર, ખરો વિવેક, સાચો વિચાર તથા જીવનના પાઠો દ્વારા જ્ઞાન અને ડહાપણ આવે છે. આપણા આજુબાજુના લોકો જીવન કેમ જીવે છે તે જોઈને એ અન્યની ભૂલો જોઈને ડહાપણ આવે છે. ડગલે અને પગલે એક સાચો શોધક વિદ્યાર્થી છે. તેનું જ્ઞાન પ્રગતિ કરે છે, તેનું ડહાપણ વિસ્તરે છે. ડહાપણભર્યું જીવન જીવી, જ્ઞાનના પ્રકાશમાં ચાલી, તેની આનંદ અને શાંતિની ખોજ નિષ્ફળ ન જાય તેની પરિપૂર્તિ થાય તેની તે ખાતરી કરે છે.

ડહાપણ તમારો દોસ્ત છે, જ્ઞાન સર્વ રીતે ઉપયોગી છે. બ્રહ્મ જ્ઞાન છે - સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્ બ્રહ્મ. આ સત્ય પર મનન કરો. વારંવાર શ્રીમદ્ ભગવદ્‌ગીતા આ વાતનું પુનરાવર્તન કરે છે કે તમારે ખરી શાંતિ જોઈતી હોય, સાચો આનંદ જોઈતો હોય, તમારી સાધના સફળ કરવી હોય તો તેમાં જ્ઞાન ભેળવો. ગાંડપણ છોડી, જ્ઞાનનો પથ પકડો, કારણ તેમાં તમારું સૌથી વધુ શ્રેય છે, તે તમારો સૌથી મોટો મદદનીશ છે. જ્ઞાન અને ડહાપણનો સાથ લેશો તો સાચી દિશાનું માર્ગદર્શન મળશે.

આ જ્ઞાન સૂકો બુદ્ધિવાદ નથી, ખોટી દલીલબાજી નથી, વધુ પડતી કચકચ નથી, પરંતુ તે ઉચ્ચતર બાબત છે, તેની ઉચ્ચતર ગુણવત્તા છે. ફક્ત કોરો બુદ્ધિવાદ કે તર્કવિતર્ક ભારરૂપ થાય છે તેમાં ફસાઈ જવાય, તેનાથી અહં મજબૂત થાય છે એટલે વિવેકી મુમુક્ષુ ચેતીને તેથી દૂર રહે છે, આને હોઠે આવતો વેદાન્ત કહે છે. આ એક મગજનું કરતુક છે આ કંઈ સાચું, વિવેકપૂર્ણ ઉચ્ચતર જ્ઞાન કે સમજણ નથી. આ અહંને લગતી નિમ્ન બાબત છે.

વ્યક્તિએ આધ્યાત્મિક અને કોરા બુદ્ધિવાદ - જે નિષ્પ્રાણ, વિદારક, કકડા કરનાર તર્કસંગતતા છે - વચ્ચેના ફરકને ઓળખતાં આવડવું જોઈએ. અહંમાંથી ઉદ્‌ભવતી આ બધી તર્કસંગતતા ડહાપણ નથી. માણસ બધું જાણતો હોવાની ભાવના જ અજ્ઞાન છે. આવી આધ્યાત્મિકતા જ્ઞાનની વિરોધી થાય છે, કારણ તેનાથી મુક્ત થવાતું નથી, તમને તેનાથી મોક્ષ મળતો નથી. તમારા અહં સાથે તમને નીચે બાંધી રાખે છે. તે તમને સપડાવી, તમારા પોતાના અહં જોડે જોરથી બાંધે છે.

આ નિમ્ન પ્રકારનો કોરો બુદ્ધિવાદ રજોગુણની પેદાશ છે. તે સત્ત્વગુણ નથી. ઉચ્ચતર આધ્યાત્મિક જ્ઞાન હંમેશાં સાત્ત્વિક હોય છે, તેમાં નમ્રતા ભળેલ હોય છે; પોતે કંઈ જાણતો નથી એવી સ્પષ્ટ સમજણ અહીં હોય છે; જો પરમ તત્ત્વ કૃપા કરે તો જ આ જ્ઞાન અને ડહાપણના પથ પર ચાલી શકાય - આવી આ બે બાબતો વચ્ચેનો ફેરફાર જાણવા માટે ખૂબ સચેત થવું પડે. ખરેખર ડાહ્યો પુરુષ કદી સ્વાર્થી નથી હોતો. ડહાપણની આ સ્પષ્ટ ઓળખાણ છે.

એક ડાહ્યા પુરુષે કહ્યું છે : ''હું જેટલું જાણું છું તેને દરિયાકાંઠાની રેતીના થોડા દાણા સાથે સરખાવી શકાય. હું જે જાણતો નથી તેનો વ્યાપ અગાધ સાગર જેટલો છે.'' માટે ડાહ્યા થાવ. જ્ઞાનના પ્રકાશમાં ચાલો. આપણાથી ઉચ્ચતર પરમ સ્રોતમાંથી બધું જ્ઞાન આવે છે તે બાબત જાણીને, નમ્ર બનો. શાણપણમાં જીવવાથી શાંતિ પામશો. જ્ઞાનના પ્રકાશમાં ચાલીને હર્ષ અને અખંડ આનંદ મેળવો. આ તમારો જન્મજાત હક્ક છે.

આ રીતે શાણપણને તમારો કાયમનો સાથી બનાવો. આવી તમારી ભક્તિ, તમારી આધ્યાત્મિકતા સાથે જ્ઞાનનો હંમેશાં સહયોગ હો. જ્ઞાન તમારું સર્વોત્તમ ભલું કરશે. તમે જે અખંડ આનંદ શોધો છો, બધા લોકો જે શાંતિ શોધે છે તેને માટે શાણપણ એ ચોક્કસ ગેરન્ટી છે. તમારા જીવનમાં ડહાપણ અને જ્ઞાનની જરૂર સમજી, કૃપાવંત બનો. ઈશ્વર તમારા પર કૃપા કરે!

☐ **'સાધનામાં અંતરદૃષ્ટિ'માંથી સાભાર**

# ચિંતાની ટેવનું નિવારણ

- શ્રી સ્વામી જ્યોતિર્મયાનંદજી

ચિંતાગ્રસ્ત રહેવાની ટેવ સકારાત્મક વિચારોની કળાને અવરોધક બને છે. સાધકે પોતે આ કુટેવનું નિવારણ કરી શકે એવી કુનેહ વિકસાવવી જોઈએ.

સહુ પ્રથમ તમારે એ સમજણ મેળવવી જોઈએ કે જેને માટે ચિંતા કરો છો તે ખરેખર એટલી બધી વણસાવી નાખવા જેવી સ્થિતિ નથી. તમારી ચિંતાઓ હકીકત પર આધારિત નથી. જીવન જીવવાની કળા પ્રત્યેની સમજણનો અભાવ અથવા તો અભિવ્યક્તિના અભાવના કારણથી ચિંતા કરવાની ટેવોનો ઉદ્‌ભવ થાય છે. જો તમે તમારી જાત પ્રત્યે અને તમારી આસપાસના અન્ય લોકો વિષે બારીકાઈથી નિરીક્ષણ કરશો તો તમને જણાશે કે લોકો તદ્દન ક્ષુલ્લક વસ્તુઓ માટે ચિંતા સેવે છે.

ઉદાહરણ તરીકે જે વ્યક્તિ દેખાવડી હશે એ બીજી વ્યક્તિ પોતાનાથી વધુ સુંદર દેખાતી હોવાની ચિંતા કરશે. તે સતત પહેલેથી જ પોતાના દેખાવડાપણાને સુરક્ષિત રાખવાનો ખ્યાલ પણ બાંધી લે છે. ગરીબ માણસ પોતે તવંગર હોવા વિષેના વિચારની ભ્રમણામાં હોય છે. ધનિક વ્યક્તિને પોતાની પાસે વધુ સત્તા મેળવવા માટેની ચિંતા છે. મોટા ભાગના લોકોમાં આ ટેવ જડ મૂળથી પડેલી હોય છે.

**આત્માની અંદરની દિવ્યતાનું શરણ સ્વીકારો**

આ કુટેવથી તમે તમારા અંતરાત્માની દિવ્યતાની શરણાગતિ સ્વીકારીને તમારી જાતને છોડાવી શકો અને એ હકીકત પ્રત્યે ઊંડી સમજ પ્રાપ્ત કરી શકો કે તમારા જીવનની પ્રત્યેક પરિસ્થિતિ ખાસ હેતુથી ઉત્પન્ન થઈ છે અને તેથી તે દરેક સૂચક છે. જ્યારે તમે ઈશ્વરનું શરણ સ્વીકારો છો ત્યારે તમે જીવનની દરેક પરિસ્થિતિને અનુકૂળ થવા માંડો છો. આમ છતાં તમે તમારી બાહ્ય પરિસ્થિતિઓ સાથે તામસિક (કે નિષ્ક્રિય) રીતે નહીં, પરંતુ તમામ મર્યાદાથી પર રહેવાની દૃષ્ટિ સાથે સમાધાન કેળવો છો. આ એક સમજવા જેવો મહત્ત્વનો મુદ્દો છે.

કોઈ વ્યક્તિ કદાચ તદ્દન નકારાત્મક પરિસ્થિતિમાં હોવાનું જણાતું હોય એ ગરીબ હોય અને તેના છાપરામાંથી પાણી પડતું હોય તો પણ, આ મુશ્કેલીઓ હોવા છતાં પણ એ સુખી હોય. તેણે તે સ્વીકારી લીધેલ છે. કોઈ વ્યક્તિને એક જ હાથ કે એક જ આંખ હોય અને છતાં તે આનંદથી ગીત ગાતો ફરતો હોય, કેમકે તેણે આ હકીકતને સ્વીકારી લીધી છે. બીજી તરફ એવા ઘણા લોકો છે કે જેમને બન્ને આંખો, હાથ-પગ અને સુદૃઢ શરીર હોય, પરંતુ જે ઉપયોગ માટે આ બધું છે તેનો તેઓએ સ્વીકાર ન કર્યો હોય (સમજ ન કેળવી હોય) તેથી તેઓ દુઃખી થાય છે.

આથી વિકાસ સાધવા માટે તમે જેવા છો અને જેવી તમારી પરિસ્થિતિ કે સંજોગો છે તેનો (સાચા અર્થમાં) સ્વીકાર એ પાયો બને છે. આ સ્વીકાર અથવા સમાધાન જ્યારે તમે એવી તત્ત્વજ્ઞાનપૂર્ણ સમજણ કેળવો કે તમારા આધ્યાત્મિક અભ્યુદય માટે બધી જ પરિસ્થિતિ અનુરૂપ છે ત્યારે વધુ સહજતાથી સાકાર બને છે. ઈશ્વર સર્વવ્યાપક છે. વિશ્વનું આયોજન દિવ્ય હાથો વડે થઈ રહ્યું છે. જ્યારે તમે એ દિવ્ય હાથમાં વિશ્વાસ કેળવો ત્યારે તમે ચિંતાથી મુક્ત એવા મનને વિકસાવી શકો છો.

**"વિષાદ કરવા યોગ્ય ન હોય તેનો વિષાદ કરવો"**

ચિંતાને દૂર કરવી એ તત્ત્વજ્ઞાનનો મુખ્ય વિષય છે. ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ આ શિખામણની શરૂઆત અર્જુનને આમ કહીને કરે છે: अशोच्यानन्व – शोचस्त्वम् એટલે કે ''હે અર્જુન, તું શોક ન કરવાલાયક વસ્તુ માટે શોક કરે છે.'' ત્યાર બાદ

તેમના ઉપદેશના અંતમાં શ્રીકૃષ્ણ કહે છે. 'મા શુચઃ' અથવા તો 'શોક ન કર'. જો તમે આની શરૂઆત અને અંતને એકીસાથે મૂકો તો તે આ મુજબ વંચાશે, 'તું શોક ન કરવાલાયક વસ્તુ માટે શોક કરે છે, માટે શોક ન કર.' આ ગહન તત્ત્વજ્ઞાનપૂર્ણ ઉપદેશનો એ સાર છે. તમારી તમામ ચિંતાઓ તમારા અજ્ઞાન પર આધારિત છે.

**ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધો**

જેમ જેમ તમે તમારી અંદર રહેલી દિવ્યતામાં વિશ્વાસ સંપાદન કરવાનું શીખો છો તેમ તેમ ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધી શકો છો. દિવ્ય તાદાત્મ્ય/ઐક્ય રહસ્યમય પ્રકારનું છે. દુન્યવી આસક્તિથી તદ્દન ભિન્ન છે. જ્યારે તમે દુન્યવી ચીજોમાં આસક્ત થાઓ ત્યારે પ્રથમ સુખી થાઓ છો અને તમે ઘણી વસ્તુઓની અપેક્ષા રાખો છો, પરંતુ સમય જવા સાથે આસક્તિ વધુ દૃઢ બનવાથી સુખ ક્ષીણ થઈ જાય છે.

બીજી તરફ ઈશ્વર સાથે આસક્તિ કેળવવાનું શરૂઆતમાં આનંદપ્રદ નહીં લાગે, કારણ કે તમારે ઘણું જ અનુશાસન કેળવવું પડશે પરંતુ એક વખત તમને અલ્પ માત્રામાં પણ અંતરાત્માની અંદર દિવ્ય સુખની અનુભૂતિ થશે એટલે દિવસે-દિવસે ઈશ્વર પ્રત્યેની આસક્તિમાં સ્વયંસ્ફૂરણાથી વૃદ્ધિ થશે. આ ઈશ્વર તાદાત્મ્યનો ઉચ્ચતમ પ્રકાર છે, આવું તાદાત્મ્ય એ ભક્તિયોગનું સાચું સ્વરૂપ છે.

પદાર્થો પ્રત્યેની આસક્તિ આભાસ પર આધારિત છે. તે સતત ક્ષીણ થઈ જતાં સુખ તરફ દોરી જાય છે. જેમ જેમ સુખ ઓસરતું જાય છે તેમ તેમ ગુલામીની અવસ્થામાં આવી પડો છો, જ્યારે ઈશ્વર પ્રત્યેની આસક્તિ એ સતત આનંદપ્રેરક ક્રિયા છે અને સાધકે તેને આતુરતાપૂર્વક વિકસાવવી જોઈએ.

એ સમજી લો કે જગત દૈવી આયોજન વડે બદ્ધ છે. તમે જેવા છો, જેવા દેખાઓ છો અને જેવી પરિસ્થિતિમાં મુકાયા છો એ બધાંને તમારા આત્માના પરિવર્તન સાથે સંબંધ છે. કોઈ વસ્તુઓ પ્રત્યે રોદણાં રડવાને બદલે બધાંનો લાભ જુઓ. ચિંતા કરવી એ સમયનો દુર્વ્યય છે. ભલે એ કુદરતી હોય તો પણ સાધકે ચિંતાગ્રસ્ત ન રહેવું જોઈએ. એને બદલે તેણે એનાથી વિરોધી ક્રિયા આનંદમાં રહેવાની ક્રિયા વિકસાવવી જોઈએ.

**દિવ્ય આયોજનના રહસ્યને પ્રતિબિંબિત કરો**

જ્યારે જ્યારે કોઈ ચિંતાપ્રેરક વિચાર તમારા મનમાં પ્રવેશે ત્યારે દિવ્ય આયોજનને પ્રતિબિંબિત કરવાનો પ્રયત્ન કરો. તમારી આસપાસની દરેક વસ્તુઓ પર વિચાર કરો. કમળ ચિંતા વિના શી રીતે ખીલે છે? પક્ષીઓ કઈ રીતે ઊડીને તેમનો ખોરાક શોધે છે? કોણ દુનિયાનાં અસંખ્ય પ્રાણીઓની સંભાળ લે છે? તમે બાલ્યાવસ્થામાં હતા અને તમારું મગજ વિકસ્યું પણ નહોતું ત્યારે કોણે તમારી સંભાળ લીધી? શા માટે તમારી એ વખતે ભવિષ્યમાં કોઈ વખત ન લેવાઈ હોય એવી સંભાળ લેવાઈ હતી? શું એ જ દિવ્ય હાથ કે જેણે તમને પહેલાં પોષણ આપ્યું તે જ હાથ હજી આજે પણ પોષણ આપતા નથી? દિવ્ય આયોજન પ્રત્યે યોગ્ય પ્રતિભાવ આપો અને તમે શાન્તિ, સંવાદિતા અને ખુશાલીની સમજથી ભરાઈ જશો. જો તમે આ બધાંનો (યોગ્ય) પ્રતિભાવ કેળવશો તો તમે અવશ્ય વિશ્રાન્ત મનને વિકસાવી શકશો.

**વિશ્રાન્તિ શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે**

જ્યારે તમારું મન શાન્ત હોય ત્યારે તમે આગળ વધો છો અથવા તો પ્રગતિ કરો છો; મનની શક્તિ અવિચળ રહે છે અને તેનો દુર્વ્યય થતો નથી. પ્રગતિ સાધવી એનો અર્થ તમારી મર્યાદાઓ, તમારી જાગૃતિ, સ્વપ્નો અને ગાઢ નિદ્રાને ચડિયાતાં બનાવવાં. ભૌતિક, સ્વર્ગીય અને આકસ્મિક સપાટીને ચડિયાતી બનાવવી; શરીર, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ અને અહમ્‌ને

**અનુસંધાન પાના નં. ૮ ઉપર**

# રામના બની જઇએ.

- શ્રી સ્વામી અભિરામદાસજી ત્યાગી

ભગવત્ નામ અલૌકિક છે. આપણે બધાં તેને લૌકિક માની બેઠાં છીએ. બસ અહીં જ આપણી ભૂલ થઈ જાય છે. ઘણા લોકો વિચારે છે... અને દલીલ પણ કરે છે કે ખાંડ ખાંડ કહેવાથી મોં મીઠું તો નહિ થઈ જાય. મીઠાશ તો ખાંડ ખાવાથી જ આવે છે, પરંતુ... પરમાત્માનું નામ સાધારણ નથી- તે દિવ્ય છે. જેટલા પણ મંત્રો છે તેમાં...! એવું કહેવાય છે કે

**सप्त कोटि महामंत्रेसु चित्त विभ्रम कारकम्।**
**एको एव परम मंत्रः रामेति अक्षर द्वयम्।**

સો કરોડ મંત્ર છે-ચિત્તને ભટકાવવા માટે. એક જ પરમ મંત્ર છે - 'શ્રીરામ'! જેને માટે ભગવાન શિવ કહે છે; **श्रीराम रामेति रामेति रमे रामे मनोरमे । सहस्त्रनाम तत्तुंल्यम् राम नाम वरानने ।** આવા પવિત્ર ભગવત્ નામનો ઊલટો જાપ કરવાથી- મરા મરા જપવાથી વાલ્મીકિ બ્રહ્મ સમાન બની ગયા **उलटा नाम जपत जग जाना वाल्मीक भये ब्रह्म समाना ।** તેમણે સાક્ષાત્ બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરી લીધી. જે બ્રહ્મત્વની પ્રાપ્તિ કરવા માટે ભારે ઉગ્ર તપસ્યા કરવી પડે છે તે માટે તેમણે ઊલ્ટું (ઊંધું) નામ જપ્યું.

જુઓ! ખેતરમાં બીજ ઊંધું પડે કે ચત્તુ-અંકુરણ તો થશે - વિકસિત થશે. વૃક્ષ ઉપર (-ની દિશામાં) જ વધશે. એવું નહિ કે બીજ ઊંધું પડ્યું એટલે વૃક્ષ નીચે જશે અને મૂળિયાં ઉપર વધશે! એવું ક્યારેય નહિ થાય. ભગવત્નામ હંમેશાં કલ્યાણકારી છે-ચાહે આપણે તેને ઊલટું જપીએ કે સૂલટું ! भायं कुभायं अनख आलसहूं । नाम जपत मंगल दिसि दसहूं । કોઈ પણ પ્રકારે તમે નામ જપો (કલ્યાણ થશે.)

ગોસ્વામી તુલસીદાસજીને કોઈએ પૂછ્યું કે ભગવન્! કલિકાલ છે. જીવ પોતાના કર્માનુસાર ભિન્ન ભિન્ન પ્રકારના આધિ- વ્યાધિથી પીડિત છે. ખબર નથી કયા કયા જન્મોનાં કર્મ તેણે ભોગવવાં પડી રહ્યાં છે. એવા સમયે તમે કલ્યાણનો કોઈ માર્ગ બતાવો...!'

ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું; '**बिगरी जन्म अनेक की सुधरे अभी आज । हो हु राम को नाम जप तुलसी तज कुसमाज ॥** ગોસ્વામી તુલસીદાસજી કહે છે, 'જીવ! તું ભયભીત ન બન. તું પરમાત્માનો બની જા - **हो हु राम को नाम जप तुलसी तज कुसमाज ।** પરમાત્માના બનીને પરમાત્માનું નામ જપો! કુસંગનો પરિત્યાગ કરો।'

બસ! તમારા સૌ પાસે હું આ જ ચાહું છું.

હા... ! તો કહી રહ્યો હતો કે ગોસ્વામી તુલસીદાસજી મહારાજ આપણને સૌને સૂત્ર આપી રહ્યા છે; हो हु राम को - તમે પરમાત્માના છો; નિર્વિવાદ સત્ય છે. તમે કોઈ બીજાના નથી, પરંતુ તમે પરમાત્માને ભૂલી ગયા છો. આજે તમે જગતના બની ગયા છો. બધા આશ્રયો છોડો ! એકમાત્ર પરમાત્માના બની જાવ! हो हु राम को! રામના બની જાવ... ! સંસારને છોડવાની વાત નથી કરી રહ્યો, પરંતુ રામના બનવાની વાત કરું છું.

તમારે સંસારનો ત્યાગ નથી કરવાનો. તમારે તમારાં કર્તવ્યનિષ્ઠાનો પરિત્યાગ નથી કરવાનો; તમને જે દાયિત્વ પરમાત્માએ આપ્યું છે, જે કર્તવ્ય આપ્યું છે તેને તો કરવાનું જ છે.

ઈશાવાસ્ય ઉપનિષદમાં પણ આ જ કહેવાયું છે. તેમાં કહેવાયું છે- **तेन त्यक्तेन भूज्जीथा** ભોગોને ભોગવો, પરંતુ ત્યાગ પૂર્વક - આસક્તિપૂર્વક નહિ. એવું નહિ કે તમે બસ રાત-દિવસ વિષયોના ચિંતનમાં જ ડૂબેલા રહો. સમય આવ્યે શરીરથી ભોગ ભોગવો,

પરંતુ ચિંતન તો...? પરમાત્માનું જ ચિંતન કરો. પરમાત્માનું નામસ્મરણ કરો. હૃદયમાં પરમાત્માને જુઓ. આપણે બસ અહીં જ ભૂલ કરીએ છીએ. આપણે ભોગોને ભોગવીએ ત્યાં સુધી કોઈ ભૂલ નથી. જો ભોગ ભોગવવા જેવા ન હોત તો પરમાત્મા તેમને બનાવત જ નહિ. સૃષ્ટિમાં પરમાત્માએ જે કંઈ પણ બનાવ્યું છે તે યોગ્ય બનાવ્યું છે. પરંતુ આપણે પરમાત્માને ભૂલીને ભોગોનું સેવન કરવા લાગી જઈએ છીએ એટલે તેનું દુષ્પરિણામ આવે છે. અગાઉ મેં કહ્યું હતું કે વિશ્રામમાંથી જો રામને કાઢી નાખીશું તો વિષ થઈ જાય છે. એ જ પ્રકારે ભોગોમાંથી જો પરમાત્માને તમે અલગ કરી દેશો તો......? (દુષ્પરિણામ આવશે.) માટે ભોગ ભોગવતી વખતે પણ પરમાત્માનું સ્મરણ કરો. શ્રીરામ.

જો નામના મહિમા વિશે વિચાર કરીએ તો...?

એવાં એવાં ઉદાહરણો આપણી સમક્ષ છે કે વ્યક્તિએ ન તો નામમાં નિષ્ઠા રાખી કે ન તો કોઈ ભાવના રાખી. છતાં પણ......!! (તેનું કલ્યાણ થયું.)

ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે એક વાર પણ જો કોઈ ભગવાનનું નામ લઈ લે તો તે સ્વયં તો તરી જ જાય છે, સાથેસાથે બીજાને તારનારો પણ બની જાય છે. રાવણ એક એવી વ્યક્તિ થઈ ગઈ કે જેણે જીવનમાં એક જ વાર રામનું નામ લીધું. સમગ્ર શ્રી રામચરિત માનસનો તમે અભ્યાસ કરશો તો જોઇ શકશો કે રાવણ શ્રીરામ માટે તપસ્વી વગેરે શબ્દપ્રયોગ કર્યો છે, પરંતુ રામ શબ્દપ્રયોગ તો અંતિમ ક્ષણોમાં જ કર્યો છે; 'कहां रामु रन हतौं पचारी। ક્યાં છે રામ? હું તેને લલકારીને મારીશ.' બસ! એક વાર નામ લીધું... અને તે પણ શ્રદ્ધા-વિશ્વાસ કે આસ્થાપૂર્વક નહિ. શ્રદ્ધા વિના કરેલા રામનામના ઉચ્ચારથી તે પરમાત્મામાં લીન બની ગયો. તેણે સાયુજ્ય મુક્તિની પ્રાપ્તિ કરી. સાથેસાથે રાવણના શત્રુ ભગવાન શ્રીરામના ચરિત્રનું જે ગાન કરે છે તે પણ તરી જાય છે. (આમ-) રાવણ આપણને બધાંને પણ તારનારો બની ગયો.

રાવણે એક વાર નામ લીધું - વેરભાવથી નામ લીધું; નહિ કે શ્રદ્ધા પ્રેમથી. તેમ છતાં પણ તે તરણ તારણ બની ગયો. નામ એટલું શક્તિશાળી છે કે આપણી ભાવના-શ્રદ્ધા-વિશ્વાસ ન હોવા છતાં પણ તે સુખદ-મંગલમય-કલ્યાણકારી પરિણામ આપે છે.

સેવા સંબંધી પણ લગભગ એવું જ સમજવું જોઈએ. એવાં ઘણાં ઉપાખ્યાનો જોવા મળે છે કે સેવામાં ભાવના ન હોવા છતાં પણ... તેમનું કલ્યાણ થઈ જાય છે. કોઈ કોઈ વાર ન ચાહવા છતાં પણ ઠાકુરજીના પ્યારા ભકત મળી જાય છે કે જે આપણી સેવાનો સ્વીકાર કરી લે છે; તો તેમાં પણ આપણું કલ્યાણ થઈ જાય છે. આમ તો કોઈને - નામજપ કે સેવાને - નાનું-મોટું તો ન કહેવાય. તેમ છતાં પણ એટલું જરૂર કહી શકાય કે (કોઈ-) ભાવના વિના (કે-) ન ચાહવા છતાં કરાયેલી સેવાથી પણ કલ્યાણ થતું હોય તો... જો આપણે સદ્ભાવથી સાચી રીતે નામજપ-નામસ્મરણ અથવા સેવા કરીશું તો કલ્યાણ કેમ નહિ થાય? આ બંનેમાં શ્રેષ્ઠ કે નિકૃષ્ટની વાત ન જોતાં જે સમયે પરમાત્મા આપણને સેવા માટે પ્રેરિત કરે ત્યારે સેવા કરો અને જ્યારે સેવાનો અવસર ન મળી શકે તો પછી નામસ્મરણ તો કરી જ શકો છો. આમ તો સેવા કે નામસ્મરણ માટે સમયની કોઈ મર્યાદા નથી. જો તમારામાં ભાવના હોય તો કોઈ પણ પરિસ્થિતિમાં સેવારત રહી શકો છો. સેવા માટે કોઈ વસ્તુ વિશેષની જરૂર નથી. સેવા માટે ફકત પવિત્ર ભાવની જરૂર છે. વસ્તુઓ પરમાત્માની છે અને તે પરમાત્માની સેવામાં વાપરવી જોઈએ. કરુણા કરીને પરમાત્માએ આપણને માનવશરીર આપ્યું છે તો તેનો ઉપયોગ પરમાત્માની સેવામાં થવો જોઈએ. આમ સેવા અને નામજપ-બંને પોતપોતાનામાં શ્રેષ્ઠ છે; કોઈને નાનું મોટું ન સમજવું જોઈએ. આધિભૌતિક જગત અને આધ્યાત્મિક જગત બંનેમાં નામસ્મરણ - નામજપ અને સેવાને જોડો. જય શ્રીરામ.

☐ **'પ્રેમામૃત'માંથી સાભાર**

# આનંદ કુટીરનો સાદ

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

## પ્રગતિની અગ્નિપરીક્ષા

હંમેશાં અંતર્નિરીક્ષણ કરો અને શોધી કાઢો કે તમે દિવ્ય ગુણોના વિકાસમાં કેટલી પ્રગતિ કરી છે. તમે દરરોજ આત્મપૃથક્કરણ કરતા નથી. તમારામાં અંતર્નિરીક્ષણ કરવા જેટલાં મનોબળ તથા વિવેક નથી. તમે માનો છો કે તમે ખૂબ આગળ વધી ગયા છો, પણ જ્યારે કસોટી થાય છે ત્યારે તમે દયનીય રીતે નિષ્ફળ જાઓ છો. તેનું કારણ એ છે કે તમે સાચી આધ્યાત્મિક પ્રગતિ કરી નથી. તમે આગળ વધી ગયાં છો એવી પ્રતીતિ કરાવનાર તમારો દંભ છે.

આ અગ્નિપરીક્ષા કરી જુઓ. તમારું હૃદય અન્યના દુઃખથી દ્રવે છે? દાન અને ઉદારતા તમારો સ્વાભાવ બની ગયાં છે? તમારા પૈસા તે ભગવાનના પૈસા છે. તમે જરૂરયાત કરતાં વધારે ન રાખી શકો. જ્યારે એક ગરીબ માણસ ભૂખે મરતો હોય ત્યારે તમે ધન એકઠું કેવી રીતે કરી શકો? ભિખારીના સ્વરૂપે તમારા દ્વારે ભગવાન ભૂખે મરતો હોય ત્યારે તમે દિવસમાં ચાર વાર કેવી રીતે ખાઈ શકો? આ આધ્યાત્મિક પ્રગતિની કસોટીઓ છે.

તમે તમારા ફળિયામાં આવેલા ગરીબ માણસ પાસે દોડી જઈ તેને ખાવાનું આપો છો? તમે રસ્તા પર પડેલા બીમાર માણસ પાસે તેને મદદ કરવા દોડી જઈને એમ કહો છો કે, ''હે પ્રભુ! હું તમને શું મદદ કરું?'' જો તમે આમ કરી શકો તો તમે ચોક્કસ અધ્યાત્મ-પથ ઉપર આગળ વધી રહ્યા છો. તમે ઝડપથી વિશ્વપ્રેમ વિકસાવી શકશો, જે મોક્ષનું દ્વાર છે.

જો તમે ખરેખર ભગવાનને મેળવવા ઈચ્છતા હો તો આ બધી વસ્તુ કરવી પડશે. તમારામાં કરુણા હોવી જોઈએ. તમને લાગવું જોઈએ કે તમે તમારા ધનના ટ્રસ્ટી માત્ર છો. તમે દરવાન જેવા છો. ભગવાને તમને પૈસા આપ્યા છે. તે તમારે અન્યને વહેંચવા જોઈએ. શિયાળામાં ધાબળા ખરીદો અને ઝૂંપડાંમાં રહેતા ગરીબોને વહેંચો. તમને કેવો આનંદ થશે! જે માણસ પોતાનું ધન અન્યમાં વહેંચતો નથી તેનું દિલ ગરીબ છે, ભલે તે લાખોપતિ હોય. જે માણસ પાસે ખાવાનું નથી પણ તેનું દિલ વિશાળ હોય અને તેની પાસે જે હોય તે અન્યને આપે તો તે જગતનો સૌથી વધુ ધનવાન છે.

જો તમે રામપ્રસાદ હો તો અનુભવ કરો કે બધા લોકો રામપ્રસાદ છે. એક જ ભગવાન સર્વના હૃદયમાં વસેલા છે. તે સર્વના સ્વરૂપ દ્વારા જોઈ રહ્યો છે. તે સૌના સ્વરૂપ દ્વારા કામ કરી રહ્યો છે. બધાં શરીરો તમારાં છે. બધા કાન તમારા છે. આવું જ વિચારો પછી જુઓ તમારા હૃદયની વિશાળતાનો તમે કેવો અનુભવ કરો છો! બધા વાડાઓ હવે તૂટી ગયા છે. સર્વત્ર એક જ ભગવાન તમને દેખાશે, એક શ્રીકૃષ્ણ સૌના હૃદયમાં વસે છે, છતાં તે સર્વથી પર છે.

☐ 'યોગના પાઠ' માંથી સાભાર

# શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર ઋષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]

## વકીલને સૂચના

ગુરુદેવ જ્યારે તેમની કુટીર તરફ આવતા હતા ત્યારે તેમની સાથે એક વકીલ પણ હતા. ગુરુદેવે તેમને નીચેનાં સૂચનો આપ્યાં: ''ફક્ત પ્રમાણિક કેસ જ લો, ખોટા સાક્ષી ઊભા ન કરો. જો તમે સત્ય બોલતા હશો તો શરૂઆતમાં તમારી પ્રૅક્ટિસને અસર થશે, પણ પછીથી તમે આબાદ થઈ જશો. 'સત્યમેવ જયતે, ન અનૃતમ્ - સત્યનો જય થાય છે, અસત્યનો નહિ.' ગરીબ લોકોની વકીલાત ફી ન લો. પછી તમારી મુક્તિ નક્કી છે.''

## ઈશ્વરનું સામીપ્ય

એક મુલાકાતીએ ગુરુદેવને ઉપદેશ આપવા વિનંતી કરી.

''ભગવાન પર વિશ્વાસ રાખો, જે તમારા હૃદયમાં રહે છે તે તમારા (પૈસાના) પાકીટ કરતાં પણ તમારી વધુ નજીક છે.'' ગુરુદેવે કહ્યું. પછી ગુરુદેવે હસતાં હસતાં ઉમેર્યું: ''પણ તે અંદર રહેનાર કરતાં તમને પાકીટ વધુ પ્રિય છે. અંતઃસ્થ (ઈશ્વર) વધુ નજીક છે, પણ પાકીટ વધુ પ્રિય છે''

મુલાકાતીએ ગુરુદેવના જ્ઞાન સાથેના વિનોદની પ્રશંસા કરી.

## મૂંગા માટે કીર્તન

એક મૂંગા છોકરાને ગુરુદેવ પાસે લાવવામાં આવ્યો. તેના પિતાએ ગુરુદેવને જણાવ્યું કે અમુક વિશિષ્ટ અવાજ કાઢ્યા સિવાય તે છોકરો કંઇ બોલી શકતો નથી. ગુરુદેવે પૂછ્યું કે તેનો ઓળખીતો અમુક ભક્ત કીર્તન કરે છે કે કેમ. જ્યારે તે માણસે હા પાડી ત્યારે ગુરુદેવે તેને કહ્યું: ''તમારા દીકરાને જ્યાં કીર્તન થાય છે ત્યાં લઇ જાઓ અથવા તમે બધા ભેગા થઇ તમારા ઘરમાં કીર્તન કરો. ભગવાનના નામના સતત શ્રવણથી તે મૂંગો છોકરો પણ નામનું રટણ કરવાનો પ્રયત્ન કરશે. ધીમે ધીમે મૂંગાપણું દૂર થશે. કીર્તન તેનો ઉપાય છે.''

## ટેલિફોનનું શુદ્ધીકરણ

આશ્રમની પોસ્ટ ઑફિસમાં પબ્લિક માટે ફોન શરૂ કરવામાં આવ્યો હતો. પોસ્ટ માસ્તરની એવી ઇચ્છા હતી કે પબ્લિક ફોન વાપરવાની શરૂઆત કરે તે પહેલાં ફોન પર ગુરુદેવ પ્રથમ બોલી ફોનનું ઉદ્ઘાટન કરે.

ગુરુદેવ ફોન પર વાત કરવા માટે પોસ્ટ ઑફિસમાં ગયા. અમૃતસરના મહાન ભક્ત શ્રી પનાલાલજીને ફોન બુક કરી રાખ્યો હતો. ફોનની કોઇ અડચણને લીધે ગુરુદેવ શ્રી પનાલાલજી સાથે વાત કરી શક્યા નહિ. ફક્ત હેલો, હેલો કહી ફોનની શાંતિથી રાહ જોવાને બદલે હમણાં ગુરુદેવે ફોન પર ફોન આવશે એવી આશામાં 'જય ગણેશ' અને બીજાં કીર્તન શરૂ કર્યાં.

કીર્તનને અંતે ગુરુદેવે કહ્યું: ''કોઇ જાતનો પ્રતિભાવ નથી! પણ કીર્તન દ્વારા મેં ટેલિફોનના તારને શુદ્ધ કરી દીધા છે!''

બધા લોકો જોરથી હસી પડ્યા!

### એકાંતનો આશ્રય

એક મુલાકાતીએ ફરિયાદ કરતાં જણાવ્યું કે તેમણે પોતાના બધા આધ્યાત્મિક સંસ્કારો ગુમાવી દીધા છે. શું કરવું?

ગુરુદેવે તેને કહ્યું : ''તમારે એકાંતમાં રહી તમારી જાતને મજબૂત બનાવવી જોઇએ. તમે આનંદ કુટીરમાં રહો. સંસાર વિક્ષેપથી ભરેલો છે. સંસારમાં રહેવાથી તો તમે બાળકો અને બેંક બેલેન્સ તરફની તમારી આસક્તિ જ વધારશો, સંસાર સાચો લાગશે અને બ્રહ્મ ખોટું લાગશે. તમારે સહનશક્તિનો વિકાસ કરવો જોઇએ. ખુલ્લી જમીન પર તમારે સૂવાની ટેવ પાડવી જોઇએ. તમારે દાન કરવું જોઇએ. તમારે એકતાની લાગણીનો વિકાસ કરવો જોઇએ. તમારે હંમેશાં જપ કરવા જોઇએ. તમારે ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રોનો દરરોજ અભ્યાસ કરવો જોઇએ.''

### કલા અને હૃદય

ગુરુદેવે દિલ્હીના ડૉ. એમ.ને કહ્યું: ''સર્જરી એ સુથારીકામ જેવી એક કલા છે. તમે તમારા સર્જરીના જ્ઞાન અને ઔષધોથી કેટલુંક ઉપયોગી કામ કરી શકો, પણ ફક્ત હૃદય જ કામને આધ્યાત્મિક બનાવી તેનું કર્મયોગીમાં રૂપાંતર કરે છે. અહીં તમને લાગશે કે દરદી ઈશ્વર પોતે જ છે અને સેવા દ્વારા તમારો વિકાસ કરવાની તક આપવા માટે તે આવ્યા છે. તમારા હૃદયમાં દરદી માટે દિવ્ય પ્રેમ ભરેલો છે. તમારી સેવા દિવ્ય સ્વરૂપ ધારણ કરે છે. આવી સેવા દરદી તથા ડૉક્ટર બન્ને માટે વધુ ફળદાયી બની જાય છે. ઓપરેશન કે સારવાર ઈશ્વરની કૃપાથી થાય છે અને તેથી વધુ અસરકારક બને છે. તમારા હૃદયમાં ભગવાન વસે છે અને તે પવિત્ર બની જાય છે.''

### સ્ત્રીઓને શીખ

કુમારી વી. અને બીજી બે યુવતીઓ ગુરુદેવની કુટીરમાં આવી છે.

ગુરુદેવે બીજી બે યુવતીઓ તરફ ફરીને કહ્યું : ''કુમારી વી. તરફ જુઓ. તે કેટલી બહાદુર છે! તેને ભગવાનનાં નામ ગાવાની અને તેના મહિમા પર પ્રવચન આપવામાં સહેજ પણ શરમ આવતી નથી. તમારે આ અદ્‌ભુત ગુણનો વિકાસ કરવો જોઇએ. પછી જ તમે માનવતાની સેવા અને દિવ્ય જીવનના સંદેશનો પ્રચાર કરી શકશો.''

થોડીક વાર એમ લાગ્યું કે ગુરુદેવ કુમારી વી.નાં ગુણગાન કરી રહ્યા છે, પણ તેમણે તેને કહ્યું: ''આ બેની માફક નમ્ર બન. તારું સતત બોલવાનું ઓછું કર. આમતેમ અશાંત થઈ દોડવાનું છોડી દે. આ કુમારીઓ કેવી શાંત છે! કેવી નમ્ર છે! આ જરૂરી સ્ત્રીસહજ ગુણો છે.''

બધાં તરફ જોઇ ગુરુદેવે કહ્યું : ''તમારા જીવનમાં શ્રેષ્ઠ પુરુષસહજ અને શ્રેષ્ઠ સ્ત્રીસહજ ગુણોને સંવાદિત રીતે મિશ્ર કરવા જોઇએ તો જ તમે તમારા આધ્યાત્મિક જીવનમાં સફળ થશો.'' તો જ તમે કરુણા, નમ્રતા, સરળતા, હિંમત અને સક્રિય નિષ્કામ સેવાની જુસ્સાથી પૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ કરી શકશો. સ્ત્રી અને પુરુષ બન્ને બનો.''

### D.I.N. - DO IT NOW હમણાં જ કરો

ગુરુદેવ એક શિષ્યને મળ્યા અને તેને પૂછ્યું: ''શું શ્રીમતી એસ. બી. એ સોસાયટીને રૂ. ૧૦૦૦/- આપવાનું જણાવ્યું છે?''

''હા, સ્વામીજી.''

''તો પછી જલદી લઇ આવો. તેણીએ આપણને ક્યારે આપવાનું કહ્યું છે? મૂડ બદલાય તે પહેલાં દાન કરી દેવું જોઇએ. ગૃહસ્થી માટે સારા સંકલ્પ પર લાંબા સમય સુધી વળગી રહેવાનું મુશ્કેલ હોય છે. કોઇએ પણ પોતાના મન પર વિશ્વાસ કરવો જોઇએ નહિ. દાનનો મૂડ, ધ્યાનનો મૂડ, સેવાનો મૂડ થોડી

મિનિટોમાં બદલાઇ જઇ શકે. આ મૂડનું બરાબર ધ્યાન રાખો. જ્યારે મૂડ આવે કે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરી લેવો. જો તેણી આપણને નાણાં આપશે તો તેનું હૃદય વિશાળ બનશે અને તેને પ્રવેશવા માટે મોક્ષનાં દ્વાર ઉઘાડાં હશે. તેનાં નાણાંનું તો તરત જ આધ્યાત્મિક સાહિત્યમાં પરિવર્તન થઇ જશે અને હજારોને તે વહેંચવામાં આવશે.''

### માફકસર બનો

એસ. કલકત્તા જવાના હતા. ગુરુદેવે તેમની કુટીરમાં તેમને 'વિદાયમાનની પાર્ટી' આપી.

ગુરુદેવે કહ્યું: ''મને સમન્વય (Synthesis) ગમે છે; એટલે મેં પુરુષોત્તમ સ્વામીને કેટલીક શાકભાજીની કઢી બનાવવાનું કહ્યું છે. તેની સાથે મેં ફળ, બિસ્કિટ અને કોફી રાખ્યાં છે. તે નથી ખાણું કે નથી હળવો નાસ્તો, પણ બન્ને છે.''

જ્યારે બધું કહ્યા પ્રમાણે તૈયાર થઇ ગયું ત્યારે ગુરુદેવે શરૂ કર્યું: ''કોફી અને ચાના પોતાના ખાસ ગુણો છે. કોફી વગર સંસાર ક્યાં છે? ચા, કોફી અને બીજાં પીણાંને પ્રતાપે સંસાર ખરેખર સાચો લાગે છે.''

''જે લોકો શ્રમ કરે છે, જે લોકો શારીરિક કે માનસિક શ્રમ કરે છે તેમને માટે ચા કે કોફી મદદરૂપ છે. તેમનામાં બહુ પૌષ્ટિકતા ન હોય પણ તે કંઇક સ્ફૂર્તિદાયક અસર તો ધરાવે જ છે.''

''તો પછી તે ખરાબ છે તેમ આપણે કેમ કહીએ છીએ? કારણ કે મનુષ્ય ચા કે કૉફી પીવાની ટેવનો સહેલાઈથી શિકાર બની જાય છે અને આ પીણાંની સ્ફૂર્તિદાયક અસરને લીધે પછી તેની ટેવ છેવટની માત્રા વટાવી દે છે.''

''તમારે આ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. કદી પણ એવું ન કહો કે મારે કૉફી કે ચા વગર ચાલશે નહિ અને તે નહિ મળે તો મને માથું દુખશે. માટે આ ટેવો ખૂબ વધી ન જાય તે માટે સાવધ રહો.''

''ફક્ત ચા-કૉફી જ નહિ પણ ચટણી જેવી વસ્તુઓ પણ ખૂબ માત્રામાં નુકસાનકારક છે. થોડું મીઠું, થોડી ચટણી, થોડી આમલી - આ સારાં છે. સરસ તીખી ચટણી જો તમે કોઈક વાર ખૂબ ઓછી માત્રામાં લો તો ખૂબ સારી ક્ષુધાપ્રદીપક અને અપચાની દવા છે. તેમને લેવા માટે અને ખાસ તો માફકસર લેવા માટે પ્રચંડ ઈચ્છાની જરૂર પડે છે. તેને એકદમ છોડી દેવા શક્તિમાન થવા માટે દૃઢ ઈચ્છા જોઈએ છે. આ વસ્તુઓને પ્રસંગોપાત્ત છોડી દઈને અને તેમને માફકસર લઈને તમે આ પ્રકારની ઈચ્છાનો વિકાસ કરી છો.''

### ગુલામ ન બનો

કુટીરમાંથી બહાર આવતાં, ગુરુદેવે શ્રી એસ.ને ઉપદેશ આપવાનું શરૂ કર્યું: ''તમારી માતા તથા ભાઈ તમે કલકત્તામાં કોઈ નોકરી સ્વીકારો તેમ ઈચ્છતાં હોય. તમારી માતાને એમ લાગતું હશે કે તેમનો દીકરો MA થયેલો છે અને તેથી તેણે સારા ઑફિસર બની ખૂબ કમાવું જોઈએ. પછી તે ખૂબ ખૂબ સુખી થાય. જો તેની માગ પ્રમાણે તમે નહિ કરો તો તેને સંતોષ થશે નહિ.''

''તે પણ સારું જ છે. તમે અહીં લગભગ બે વર્ષ રહ્યા છો. તમે અહીં ઘણા પાઠ શીખ્યા છો. જ્યારે તમે કલકત્તા પાછા જાઓ ત્યારે તમારે પ્રમાણિકતા, સચ્ચાઈ અને બીજા સદ્‌ગુણોના ઉદાહરણરૂપે વર્તવાનું છે. જરૂર પડ્યે મને લખવામાં કોઈ સંકોચ રાખશો નહિ. જો તમારે કોઈ ધંધો કરવો હોય તો મને લખી જણાવજો. તમે ઘણા સદ્‌ગુણોનો વિકાસ કર્યો છે અને કોઈ પણ ધંધામાં તમે ઉન્નતિ હાંસલ કરી શકશો.''

''તમારી માતા તમને લગ્ન કરવાનું પણ કહે. તેમને સંતોષ આપવા માટે તમારે કદાચ તેમ પણ કરવું પડે. તમે મેળવેલા આધ્યાત્મિક સંસ્કારો તમારામાં છે.

તે તમારી પૂંજી છે. તમે જ્યાં હશો ત્યાં તમે આધ્યાત્મિક પથ પર વિકાસ સાધી પ્રગતિ કરશો.''

''પણ લગ્ન ન કરશો. તમારી સ્વતંત્રતા હણાઈ જશે. લગ્ન વગર પણ તમે તમારી માતાની સેવા કરી તેને સુખી કરી શકો છો. લગ્ન તમને બંધનમાં નાખશે. જો તમે પરણશો અને ચાર-પાંચ બાળકો થશે તો પછી તમને સાધના માટે કોઈ સમય રહેશે જ નહિ. કોઈ નોકરી કરો. કામ કરો. સાધના કરો, પણ લગ્ન કરશો નહિ.''

''નોકરી અને પૈસો શેને માટે છે? દર માસે થોડાક રૂપિયા માટે તમારે ઑફિસરની આજ્ઞામાં રહેવું પડે છે, તેના ગુલામ બનીને તમારે બધા પ્રકારનાં કામ કરવાં પડે છે. તમે સ્વતંત્ર વ્યક્તિ નથી. તમારે શેઠની ઈચ્છા પ્રમાણે વર્તવું પડે છે. જીવનની આ દુઃખી સ્થિતિ છે.''

''બીજી બાજુ જો તમે સંન્યાસી હો તો જો તમે ગીતા અને ઉપનિષદોનો અભ્યાસ કરી સારું જ્ઞાન અને સાધના-શક્તિ મેળવો તો પ્રધાનો અને ગવર્નરો પણ તમારાં ચરણોમાં પડશે અને તમારી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરશે. તમે ગીતાના વર્ગો ચલાવી શકશો. તમારા અનૌપચારિક વાર્તાલાપો પણ વિશાળ શ્રોતાગણને આકર્ષશે. થોડાક લોકો સાથેની આકસ્મિક વાતો દ્વારા તમે તેમને પ્રોત્સાહિત કરી શકશો અને તેમને મોટો ફાયદો થશે. તમને બધે જ માન અને આદર આપવામાં આવશે. કોઈ પણ અડચણ વગર, તમારી ઝડપી પ્રગતિ થશે અને જીવનના લક્ષ્યને પ્રાપ્ત કરી શકશો.''

### ખોટાં બહાનાં

આધ્યાત્મિક પ્રચારયાત્રા પર જતા એક યુવાન માણસને ગુરુદેવ જરૂરી સૂચના આપી રહ્યા હતા. યુવાન માથું હલાવી કહી રહ્યો હતોઃ ''હા, સ્વામીજી!''

''તમારાં વચન પૂરાં થાય તેની હું રાહ જોઈશ. તમે શું આ વચનો ગંભીરતાથી આપ્યાં છે કે પછી શ્રી અ નાં વચનો જેવાં છે? પછી ગુરુદેવે શિષ્યોને શ્રી અ ગુરુદેવે તેના વતનમાં આવે અને તેના વતન સુધી ગુરુદેવની હવાઈ માર્ગે કરેલી ગોઠવણનું વચન આપ્યું હતું તે વાત કરી.''

''તે થોડા દિવસ શાંત રહ્યો અને પછી ગુરુદેવને સરસ પત્ર લખી જણાવ્યું કે તે પથારીવશ થઈ ગયેલો હોવાથી તેનું વચન પાળી શક્યો નથી. જ્યારે તેણે વચન આપ્યું હશે તે આ 'માંદગી' તેના મનમાં તૈયાર જ હશે! આ એવા લોકોનો વર્ગ છે, જે સસ્તી પ્રતિષ્ઠા મેળવવા માટે ખોટાં વચનો આપે છે. તેઓ સારી રીતે જાણતા હોય છે કે તે તેમને પાળવા માટેનાં નથી. તેમના હોઠ વચન આપે છે, પણ તેમનાં મન તે જ સમયે તે વચનને તોડવા માટે ખોટાં બહાનાં શોધતાં હોય છે, પછી ગોઠવણી પ્રમાણે તે ખોટું બહાનું પાછળથી બહાર આવે છે!''

આ લોકોને સત્યના આચરણ અને તેના મહિમાની કંઈ પડી જ હોતી નથી. બીજા લોકો તેમને તરત જ શોધી કાઢે છે. તેઓ તેમની દુન્યવી બાબતોમાં પણ સફળતા મેળવી શકતા નથી. આધ્યાત્મિક પ્રગતિ અને અસત્ય સાથે રહી શકે જ નહિ.

### ધીરજ જરૂરી

જેવા ગુરુદેવ તેમની કુટીરમાંથી નીકળી સત્સંગ માટે જતા હતા કે એક ગાય બીજી ગાયની પાછળ ધૂંઆપૂંઆ થઈને દોડતી હતી. આ જોઈને તેમણે જણાવ્યુંઃ ''લાખો જન્મ દરમિયાન માણસ આટલા બધા ધિક્કાર અને ક્રોધવાળા પશુનો અવતાર પામ્યો હોવો જોઈએ! છતાં તેને જલદી સમાધિ પ્રાપ્ત કરવી છે. આધ્યાત્મિક પ્રગતિમાં બે મોટી અડચણો છે - ભૂતકાળના ભોગોની સ્મૃતિ અને ધીરજનો અભાવ.''

☐ 'શિવાનંદ કથામૃત'માંથી સાભાર

# ચિદાનંદ દર્શન

**(પૂજ્ય ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજના આગામી જન્મશતાબ્દી પર્વ નિમિત્તે તેમનાં પુણ્ય સંસ્મરણો સંકલન કરીને પ્રસ્તુત કરતાં આનંદ થાય છે. - સંપાદક)**

## ઋજુહૃદયી સંત

ઈશ્વર સર્વત્ર-પ્લાસ્ટિક થેલી (ઝભલાં)માં પણ! સ્વામી ચિદાનંદજીનો ઈશ્વર મંદિર-મસ્જિદ કે ગીરજાઘરનાં દેવળો-ગુરુદ્વારામાં બંધાયેલો નથી. નિત્ય સત્ય, નિત્ય શુદ્ધ, નિત્ય બુદ્ધ અને મુક્ત ઈશ્વર છે, તે છેક જેમાં આપણે શાકભાજી કે ફળફળાદિ લઈ આવીએ છીએ તે પ્લાસ્ટિક થેલીઓ (ઝભલાં)માં પણ જાગ્રત છે.

મદ્રાસ (ચેન્નઈ)ના એગમોર રેલવે સ્ટેશનથી તિરુનાલવેલ્લી જવા માટે નેલૈઈ એક્સપ્રેસ દરરોજ સાંજે ઉપડે છે. તિરુનાલવેલ્લી જીલ્લાના પટ્ટમડાઇ ગામે જ સ્વામી શિવાનંદજી મહારાજનું પ્રાકટ્ય. એટલે સ્વામી શિવાનંદજીના શતાબ્દી વર્ષમાં પોતાના સદ્‌ગુરુદેવની જન્મભૂમિમાં કંઈક સેવા કરવી તેવા ભાવ સાથે ત્યાંના નિવાસીઓને જ પૂછ્યું હતું. સૌ સમ સ્વરે બોલ્યા હતા. ડૉ. કુપ્પુસ્વામી ડૉક્ટર હતા, તેથી હૉસ્પિટલ બનાવો. આમ, સ્વામી શિવાનંદજીના શતાબ્દી વર્ષ ૧૯૮૭ના વર્ષ પૂર્વેથી જ સ્વામી ચિદાનંદજી વારંવાર પટ્ટમડાઈ જતા.

એગમોર રેલવે સ્ટેશને સ્વામી ચિદાનંજી, સ્વામી અધ્યાત્માનંદજી, બ્ર. રામસ્વરૂપજી અને બીજા ભક્તો પણ હતા. તે સમયે કોઈ એક ભક્ત ખાસ્સું મોટું ખૂબ પાકું પપૈયું સાધારણ પ્લાસ્ટિક થેલીમાં લઈને આવ્યો. કદાચ સાડા ત્રણથી ચાર કિલો વજન હશે. થેલી પણ મોટી હતી. પારદર્શક હતી. પપૈયું પણ ખૂબ સુંદર દેખાતું હતું. ખૂબ ભાવ અને પ્રેમથી સ્વામી ચિદાનંદજીને પગે લાગી, તે ભક્તે પપૈયું સ્વામી ચિદાનંદજીના હાથમાં આપ્યું. સ્વામીજીએ પપૈયાને ફેરવી ફેરવીને જોયું-પપૈયાની પ્રશંસા કરી. પ્રભુનો ગુણાનુવાદ કર્યો. પ્રકૃતિ માતાને બિરદાવી. પછી બીજી વાતોએ વળગ્યા એટલે સ્વામી અધ્યાત્માનંદજીએ તેમના હાથમાંથી તે વજનદાર પપૈયું લઈ લીધું. જ્યારે ટ્રેન ઉપડવાનો સમય થયો ત્યારે સૌ ટ્રેનમાં ચઢ્યા. સ્વામી અધ્યાત્માનંદજીએ તે પપૈયું સ્વામી ચિદાનંદજીના સેવકના હાથમાં આપ્યું કે જેથી રાત્રે સ્વામીજીને તેનો વપરાશ થઈ શકે. સેવકે સ્વામીજીના કમ્પાર્ટમેન્ટમાં સામાન લટકાવવાની ખીલીમાં તે પ્લાસ્ટિકની થેલી લટકાવી. તેને જોતાં જ સ્વામીજીના મુખેથી અરેરાટી નીકળી ગઈ. એકદમ ત્વરાથી તેમણે તે પપૈયાંની પ્લાસ્ટિક થેલી ખીલીએથી ઉતારીને બેસવાની સીટ ઉપર મૂકી.

સ્વામીજીનો ચહેરો લાલ થઈ ગયેલો. જાણે ધ્રુજી ઊઠ્યા હોય! કોઈ નાનાં બાળકને કાનથી ટીંગાડે તો કેવું થાય? આ પ્લાસ્ટિકની થેલીમાં પયૈયું રાખ્યું ત્યાં સુધી તો બરાબર છે, પરંતુ તેને ટીંગાડવાનું? અરેરેરે!!!

સમગ્ર વિશ્વ સાથે એકત્વનો ભાવ કેળવી શકાય તો આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ પારદર્શિતા અને સંવેદના સંભવી શકે. ઈશ્વરને સર્વત્ર અનુભવાય તો કોઈની પણ વેદના આપણી સંવેદના બની શકે. અશક્ય નથી. સૂક્ષ્મમાં પ્રવેશ કરવો પડે. જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિમાં જાગૃતિ કેળવવી પડે.

**☐ 'અમૃતધારા'માંથી સાભાર**

# શ્રદ્ધા અને સામર્થ્ય

- શ્રી સ્વામી વિવેકાનંદજી

નિષ્ફળતાઓની ચિંતા કરશો નહી; તેઓ તદ્દન સ્વાભાવિક છે, જીવનમાં સૌંદર્યરૂપ છે. એમના વગરનું જીવન કેવું હોય? જો સંઘર્ષો ન હોય તો જીવનની પ્રાપ્તિનું પણ કશું જ મૂલ્ય નથી. એમના વિના જીવનનું કાવ્ય પણ ક્યાં હોય? સંઘર્ષોની, ભૂલોની પરવા કરશો નહીં. મેં કોઈ ગાયને જૂઠું બોલતી કદાપિ સાંભળી નથી, પણ એ તો ગાયની કોટિ થઇ, માણસની નહીં એટલે આ નાની નાની નિષ્ફળતાઓની, નાનાં નાનાં સ્ખલનોની પરવા કરશો નહીં. તમારા આદર્શને હજાર વાર ઊંચો ધરી રાખો અને જો હજાર વાર નિષ્ફળતા સાંપડે તો વધુ વખત પ્રયત્નો ચાલુ રાખો.

વિશ્વની તમામ શક્તિઓ આપણી જ છે. આપણે જ આપણા હાથ આંખો ઉપર મૂકીએ છીએ અને પછી બરાડા પાડીએ છીએ કે સર્વત્ર અંધકાર છે. જાણી લો કે આપણી આસપાસ અંધકાર નથી. હાથ ઊઠાવી લો એટલે પ્રકાશનું દર્શન થશે. એ તો ત્યાં પહેલેથી જ હતો. અંધકારનું, નિર્બળતાનું ક્યારેય અસ્તિત્વ ન હતું. મૂર્ખ એવા આપણે બરાડા પાડીએ છીએ કે આપણે નિર્બળ છીએ, અપવિત્ર છીએ.

નિર્બળતાનો ઉપાય તેનો વિચાર કર્યા કરવો એ નથી, પણ શક્તિનો વિચાર કરવો એ છે. મનુષ્યોમાં જે શક્તિ પહેલેથી જ છે તેની કેળવણી આપો.

આત્મશ્રદ્ધાનો આદર્શ એ આપણા માટે સર્વોત્તમ સહાયરૂપ છે. જો આત્મશ્રદ્ધાનાં આદર્શનું વધુ વ્યાપક રીતે શિક્ષણ અને આચરણ થયું હોત તો મારી ખાતરી છે કે આપણાં અનિષ્ટો અને દુઃખોનો ભારે મોટો ભાગ અવશ્ય નષ્ટ થયો હોત.

માનવજાતિના સારાયે ઈતિહાસમાં તમામ મહાન સ્ત્રીપુરુષોના જીવનમાં સૌથી વધુ પ્રવર્તક જો કોઈ શક્તિ હોય તો તે આત્મશ્રદ્ધા છે. પોતે મહાન થવા માટે નિર્માયાં છે એવી જન્મજાત સભાનતાને કારણે તેઓ મહાન થયા.

માણસનું ગમે તેટલું અધઃપતન થાય, પરંતુ આખરે એવો સમય અવશ્ય આવશે કે જ્યારે કેવળ નિરાશાની પરિસ્થિતિમાંથી તે ઊંચો જવાનો પ્રયત્ન કરશે અને આત્મશ્રદ્ધા કેળવતાં શીખશે, પરંતુ આ સત્ય આપણે પહેલેથી જાણી લઈએ એ આપણા માટે વધુ સારું છે. આત્મશ્રદ્ધા કેળવવા માટે આવા બધા કટુ અનુભવોમાંથી આપણે શા માટે પસાર થવું જોઈએ?

આપણે જોઈ શકીએ છીએ કે માણસ માણસ વચ્ચે જે કંઈ ભેદ છે તે આત્મશ્રદ્ધાના હોવા ન હોવાની બાબતમાં છે. આત્મશ્રદ્ધાથી બધું જ શક્ય બનશે. મેં મારા પોતાના જીવનમાં આ સત્યનો અનુભવ કર્યો છે અને હજી પણ હું એ અનુભવ કરી રહ્યો છું અને મારી વય વધતી જાય છે તેમ તેમ એ શ્રદ્ધા પણ વધુ ને વધુ દૃઢ બનતી જાય છે.

શું તમે એ જાણો છો કે તમારા આ દેહની અંદર હજી પણ કેટલી બધી શક્તિ, કેટલી બધી તાકાત છુપાઈને પડેલી છે? માણસમાં જે કંઈ છે તે બધું કયા વૈજ્ઞાનિકે જાણ્યું છે? મનુષ્યે અહીં પ્રથમ પગ મૂક્યો તેને લાખો વર્ષ વ્યતીત થઈ ગયાં છે-અને છતાંયે તેની શક્તિઓનો કેવળ અલ્પતમ ભાગ જ અભિવ્યક્ત થયો છે. માટે આપણે દુર્બળ છીએ એવું તમે લેશમાત્ર કહેશો નહીં. સપાટી ઉપરના પતનની પાછળ કેવી મહાન શક્યતાઓ રહેલી છે એ તમે કેવી રીતે જાણો! તમારી અંદર જે પડેલું છે તેના વિશે તમે ભાગ્યે જ કાંઈ જાણો છો. તમારી અંદર તો અસીમ શક્તિ અને ધન્યતાનો મહાસાગર ઊછળી રહેલો છે.

□ **'શક્તિદાયી વિચાર'માંથી સાભાર**

# ૐ જયો જયો મા જગદંબે

- શ્રીમતી રૂપા મજમુદાર

શ્રી માનું ધ્યાન :

**'હે મા! ત્વયા હવ ધાર્યતે વિશ્વમ્,**
**ત્વયા હવ વિસૃખ્યતે જગત્ ॥'**

'હે મા! આ જગતને તું જ ધારણ કરે છે અને તું જ સમય આવ્યે તેનો કોળિયો કરી જાય છે.' (ચંડીપાઠ)

એક આધુનિક હિંદી કવિએ સુંદર કહ્યું છે :

'નશ્વર સ્વરસે કૈસે કહું એક અનશ્વર બાત।'

માતા ભગવતી દુર્ગાનો મહિમા કોટિ કોટિ જન્મમાં ગાવા છતાં ગાઈ શકાતો નથી. જે નિખિલ બ્રહ્માંડના, સમસ્ત ચર-અચરના ઉદ્‌ભવ, સ્થિતિ અને સંહાર કરવાવાળી છે, એ આદ્યશક્તિ, આદિમાતાનો મહિમા આપણે કઇ રીતે ગાઇ શકીએ? જગજ્જનની, મહામાયા, મહાશક્તિએ અનંત અનુકંપાથી જે પ્રેમવર્ષા આપણા ઉપર કરી છે એને માટે આપણી પાસે વાણી નથી. માની કૃપાથી હૃદય ઓતપ્રોત થઇ જાય, એની કરુણાથી પ્રાણ ભીંજાઇ જાય, એથી અધિક આપણે શું જોઇએ?

આ જગતમાં એકમાત્ર બ્રહ્મની ઉપસ્થિતિ હતી. 'એકમેવ અદ્વિતીયં' એવા બ્રહ્મનું જ માત્ર અસ્તિત્વ હતું. તેઓ નિરાકાર, નિર્ગુણ અને નિષ્ક્રિય હતા. તેમની શક્તિ પણ સુષુપ્તિમાં જ હતી. સર્વત્ર ભેંકાર હતું. ગાઢ અંધકાર જ હતો. માત્ર સત્ જ હતું. જગત હતું જ નહીં.

એક દિવસ તેમનો સંકલ્પ થયો સૃષ્ટિ સર્જનનો. તેમણે ઇચ્છા કરી, 'એકોઽહં બહુસ્યામ્' 'હું એક છું, તેમાંથી અનેક રૂપ ધારણ કરીશ' એટલે તેમણે પોતાની જ શક્તિનું આહ્‌વાન કર્યું અને આદિશક્તિ મા જાગ્રત થયાં. સુષુપ્ત અવસ્થાનો ત્યાગ કર્યો અને જગતની ઉત્પત્તિ અર્થે પોતે સાક્ષાત પ્રગટ થયાં.

બ્રહ્મ (પરમાત્મા)ની વિશાળ વિસ્તૃત શક્તિ બ્રહ્મથી ભિન્ન નથી. બ્રહ્મ અનાદિ છે તો તેની શક્તિ પણ તેની સાથે જ અનાદિ છે. તે વિશાળ વિસ્તૃત શક્તિ દ્વારા જ જગતનું નિર્માણ થયું.

બ્રહ્મની જગતની ઉત્પત્તિની ઇચ્છા અર્થે તેમની પોતાની શક્તિ, મા આદિશક્તિ, માયા પ્રગટ થયાં. બ્રહ્મ અને માયાનું સંયોજન થયું, વિશ્વયોનિમાં ખળભળાટ થયો. ગર્ભાધાન થયું અને જગતની ઉત્પત્તિ થઇ.

શ્રી કૃષ્ણ પરમાત્મા શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહે છે:

**'मयाध्यक्षणेः प्रकृतिः, सूयते सचराचरम्।'**

'મારા અધ્યક્ષપણા નીચે મારી પ્રકૃતિ (માયા) ચરાચર વિશ્વનું સર્જન કરે છે.'

**मम योनिर्महद् ब्रह्म, तस्मिन् गर्भं दधाम्यहम्।**
**संभवः सर्व भूतानाम्, ततो भवति भारत ॥**
**सर्व योनिषु कौन्तेय, मूर्तयः संभवन्ति याः।**
**तासां ब्रह्म महद् योनिः, अहं बीजप्रदः पिता ॥**

મહદ્ બ્રહ્મ એટલે કે મારી પ્રકૃતિ (માયા, મારી અત્યંત વિશાળ વિસ્તૃત શક્તિ) સમસ્ત ચરાચર સ્થાવર-જંગમની ઉત્પત્તિસ્થાન (યોનિ) છે અને તેમાં હું ગર્ભાધાન કરાવનાર (બીજપ્રદ) પિતા છું, જેનાથી સચરાચર ભૂતપ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે.

બ્રહ્મની માયા એ કંઇ સ્ત્રી નથી. નારી જાતિ નથી. તેને પણ બ્રહ્મની માફક કોઇ રૂપ, રંગ કે આકાર નથી. બ્રહ્મની માયા પણ મહાઅદ્‌ભુત અને અનિર્વચનીય છે. અનાદિ, અમાપ અને અગાધ છે.

બ્રહ્મ અને માયા બે શબ્દો બોલવામાં અલગ છે પણ તત્ત્વે કરીને બંને એક જ છે. રામ અને સીતા, કૃષ્ણ અને રાધા એમ બંને શબ્દો બોલવામાં જુદા છે, ભિન્ન છે, અલગ-અલગ છે, પરંતુ વસ્તુતઃ બંને એક જ છે.

જેમ વાણી અને તેનો અર્થ એ બે શબ્દો બોલવામાં જુદા જુદા છે, પરંતુ બંને એક જ છે.

જેમ સમુદ્રનું પાણી અને મોજું એમ બે પાણી

અને મોજું એવા જુદા જુદા શબ્દોથી બોલાય છે, છતાં પાણીરૂપે એક જ વસ્તુ છે, એવી જ રીતે બ્રહ્મ અને માયા એક જ તત્ત્વ છે. તત્ત્વતઃ ભિન્ન નથી. બંને મળીને એક અખંડ બ્રહ્મ તત્ત્વ જ છે.

શક્તિ સહિત બ્રહ્મ અખંડ બ્રહ્મ છે. શક્તિ અને શક્તિમાન બંને અભિન્ન છે.

જેમ મરચું અને તીખાશ જુદાં નથી, ગોળ અને ગળપણ જુદાં નથી તેમ બ્રહ્મ અને માયા, પુરુષ અને પ્રકૃતિ, શિવ અને શક્તિ જુદાં પાડી શકાય નહીં.

જેમ સૂર્યથી તેની પ્રભા અલગ ન હોઈ શકે, ચંદ્રથી તેની ચંદ્રિકા અલગ ન હોઈ શકે તેમ શિવ અને શક્તિ અલગ ન હોઈ શકે.

માટે શિવ-શક્તિ સ્વરૂપે આપ જ અખંડબ્રહ્મ તત્ત્વ છો, જેની દેવો પણ સ્તુતિ કરે છે.

હે મા! આપ **સત્ત્વ, રજ** અને **તમ** તમામ ગુણથી પર હોવા છતાં તમામ ગુણોને ભોગવો છો.

જગતનું **નિમિત્ત કારણ** અને **ઉપાદાન કારણ** પણ આપ જ છો.

માટીના ઘડામાં માટી ઘડાનું ઉપાદાન કારણ છે અને કુંભાર એ ઘડાનું નિમિત્ત કારણ છે. વસ્તુ ક્યા પદાર્થમાંથી બને છે, તે ઉપાદાન કારણ છે અને કુંભાર એ ઘડાનું નિમિત્ત કારણ છે અને કોણ બનાવે છે, ઘાટ ઘડે છે તે નિમિત્ત કારણ છે. બધી જ વસ્તુઓના ઉપાદાન અને નિમિત્ત કારણ અલગ-અલગ હોય છે, પરંતુ જગતનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ ભિન્ન નથી. અભિન્ન છે, જે આપ જ છો.

માટીથી ઘડો બને છે, માટીના આધારે ટકે છે અને તે ઘડો તૂટી જાય છે, તેની માટી જ થઈ જાય છે તેવી જ રીતે તમામ ભૂતપ્રાણી માત્ર આપનાથી જ બને છે, આપનાથી જ તેનું ધારણ-પોષણ થાય છે અને અંતમાં તે આપમાં જ લય પામે છે.

આપ **વિરાટ** પણ છો, **વામન** પણ છો. આકાશ અને વાયુની માફક આપ તમામ પદાર્થ, પ્રાણી, વસ્તુ અગર વ્યક્તિમાં અંદર અને બહાર દશે દિશામાં વ્યાપ્ત એવા વિરાટ છો. અને આકાશ અને વાયુ જેવા સૂક્ષ્મ પદાર્થો પણ જેમાંથી ઉત્પન્ન થયા છે એવું આપનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્માતિસૂક્ષ્મ છે.

આપ **ચર** છો, **અચર** પણ છો. જગત સદાકાળ બદલાતું રહે છે, ફરતું રહે છે, છતાં પૃથ્વી આપણને ફરતી દેખાતી નથીઃ પૃથ્વી પર રહીને પૃથ્વી ફરતી ના દેખાય. સૂર્યમાં (આપના ભાવમાં) રહીને પૃથ્વી (સૃષ્ટિ) ફરતી દેખાય.

આ દૃષ્ટિએ આપ **સ્થિર** પણ છો, **અસ્થિર** (ગતિશીલ) પણ છો. આપ સ્વયં અચલ હોવા છતાં બધાંને ચલાવો છો, આપ ગતિમાન વસ્તુઓમાં ગતિમાન અને સ્થિર વસ્તુઓમાં સ્થિર દેખાવ છો.

આપ **દૂરથી પણ વધારે દૂર** અને **નજીકથી પણ વધારે નજીક** છો.

'તું આઘેમાં આઘે પણ સમીપમાં નિત્ય ભાસતો' આપ સર્વત્ર પરિપૂર્ણ અને સર્વનો આત્મા હોવાથી અત્યંત સમીપ છો. શ્રદ્ધારહિત અજ્ઞાની પુરુષો માટે ન જાણવાને લીધે બહુ દૂર છો.

આપ **નિર્ગુણ નિરાકાર** અને **સગુણ સાકાર** સ્વરૂપ છો.

જેમ પાણીમાં તીવ્ર ઠંડીનો ગુણ પ્રવેશ થતાં સગુણ સાકાર બરફ બની જાય, પરંતુ વાસ્તવમાં પાણી અને બરફ બંને એક જ વસ્તુ છે. પાણી એટલે દ્રવીભૂત થયેલો બરફ અને બરફ એટલે ઘનીભૂત થયેલું પાણી. એમ નિર્ગુણ અને સગુણ બે જુદાં જુદાં તત્ત્વ નથી, પરંતુ એક તત્ત્વ છે.

આપ **સ્થૂળ** અને **સૂક્ષ્મ** સ્વરૂપે સર્વત્ર વિદ્યમાન છો. સ્થૂળ પ્રકૃતિ, જેનાથી દૃશ્ય પદાર્થોનું નિર્માણ અને ઉપયોગ થાય છે, સૂક્ષ્મ પ્રકૃતિ જે શક્તિના પ્રવાહના રૂપમાં કામ કરે છે.

બે પ્રકારની સૃષ્ટિ - **ચૈતન્ય** અને જડમાં આપની જ ઉપસ્થિતિ છે. ચૈતન્ય સૃષ્ટિની અંદર બધા જીવોનો સમાવેશ થાય છે, જડ સૃષ્ટિનું સર્જન પણ પંચમહાભૂતમાંથી થયું, સૃષ્ટિના નિર્માણ કાર્યમાં

આપની જ બે શક્તિ **સંકલ્પશક્તિ** અને **પરમાણુશક્તિ** કામ કરી રહી છે.

આમ, બંને સ્વરૂપે આપનું જ પ્રગટીકરણ છે.

આપે ધાર્મિક કર્તવ્યો અને આત્મિક કલ્યાણની સાધનાની **નર** અને **નારી** બંને માટે ગોઠવણ કરી છે, આ બંને સ્વરૂપે આપ જ સર્વત્ર વ્યાપ્ત છો.

આપ **પ્રગટ** અને **અપ્રગટ** રૂપ છો. આમ, હે મા! આપ વિરુદ્ધ ધર્માશ્રયી છો. સર્વત્ર પૂજ્ય છો.

વિજ્ઞાનીઓએ પણ સાબિત કર્યું છે કે દરેક સ્થૂળ વસ્તુ શુદ્ધ અવિનાશી શક્તિ સિવાય બીજું કંઇ જ નથી. આ શક્તિ એ દરેક સ્વરૂપમાં રહેલી દિવ્ય શક્તિનું સ્વરૂપ જ છે અને દેવીની પૂજા એ ભગવાનના મહિમા, મોટાઇ અને સર્વોપરિતાની જ પૂજા છે.

વિશ્વમાં હિંદુ ધર્મ એક એવો ધર્મ છે, જેણે પરમાત્માના માતૃસ્વરૂપને આટલું મહત્ત્વ આપ્યું છે. બધા જ માનવીય સંબંધોમાં માતા સાથેનો આપણો સંબંધ વધુમાં વધુ પ્રિય, ઘનિષ્ઠ અને મિષ્ટ છે.

સદ્ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજી મહારાજ એવું માનતા હતા કે દરેક સ્ત્રી જગદંબાનું એક પ્રગટ સ્વરૂપ છે. દક્ષિણ ભારતના એક વિદ્વાન પંડિતે સ્વામીજીને કહ્યું, ''સ્વામીજી આપે કોઇ શ્રીવિદ્યાની ઉપાસના કરી હોવી જોઇએ, તેથી જ આપને દરેક કાર્યમાં સફળતા મળે છે.''

સ્વામીજીએ કહ્યું, 'ના જી, મેં કોઇ વિધિસરની શ્રીવિદ્યાની ઉપાસના કરી નથી. મારી ઉપાસના જુદી જાતની છે. જ્યારે હું કોઇ સ્ત્રીને જોઉં છું ત્યારે મનમાં તેને પગે લાગું છું અને 'ૐ શ્રીદુર્ગાયૈ નમઃ' જેવા કોઇ દેવીમંત્રનો માનસિક જપ કરું છું. હું તમામ સ્ત્રીઓને દુર્ગાનાં વિવિધ સ્વરૂપો તરીકે જોઉં છું. આ છે મારી શ્રીવિદ્યાની ઉપાસના, સ્વામીજીએ સ્પષ્ટતા કરી.

આત્મસાક્ષાત્કાર પામેલા આ સંત હંમેશાં સર્વાત્મભાવમાં રહેતા હતા. માતાજીની કૃપા સ્વામીજી ઉપર અપરંપાર હતી. આ વાતને સમર્થન આપતો એક રોમાંચક પ્રસંગ સ્વામી અદ્વૈતાનંદજીએ કહ્યો હતો. જ્યારે સ્વામી શ્રી શિવાનંદજી મહારાજ સ્વર્ગાશ્રમમાં રહેતા હતા ત્યારે તેમની પાડોશમાં બીજી કુટીરમાં સ્વામી રાજરાજેશ્વરાનંદજી રહેતા હતા. તેઓ દેવીભક્ત હતા. આ સ્વામી રાજરાજેશ્વરાનંદજી સપ્તશતી પારાયણ, માતાજીનું પૂજન જપ અને ધ્યાન સાથે કઠિન સાધના કરતા હતા. વર્ષો સુધી લગભગ બાર વર્ષ પ્રખર સાધના કરતા હોવા છતાં તેમને કોઇ પ્રગતિ કે સિદ્ધિ પ્રાપ્ત થઇ ન હતી. દુર્ગા-પૂજાના દિવસો આવ્યા. આ સ્વામી પાસે પૂજાની ઉજવણી માટે કંઇ જ વેત ન હતો પણ તેમની ઈચ્છા તો રેશમી વસ્ત્ર, ઘરેણાં અને બીજાં પૂજાનાં સાધનો સાથે દેવીનું પૂજન-અર્ચન કરવાની હતી. નવરાત્રી શરૂ થવાના આગલા દિવસે કોઈએ તેમની કુટીરનું બારણું ખખડાવ્યું. તેમણે બારણું ઉઘાડતાં જોયું કે કેટલીક પંજાબી કિશોરીઓ બારણા આગળ ઊભી હતી. દરેકની પાસે રેશમી કપડાં, ફળ, પૈસા, ઘરેણાં વગરેથી ભરેલા થાળ હતા. કિશોરીઓએ કહ્યું કે તમારા પાડોશી સ્વામી શિવાનંદજીએ નવરાત્રી પૂજા માટે તમને આ સામગ્રી આપવાની કહી છે. સ્વામીએ માન્યું કે આ કિશોરીઓ સ્વામીજીની ભક્ત હશે અને સ્વામીજીએ તેમને નવરાત્રી-પૂજાની વસ્તુઓ તેમને (સ્વામી રાજરાજેશ્વરાનંદજીને) આપવાની કહી હશે. તેમણે આ વસ્તુઓનો સ્વીકાર કર્યો અને પૂછ્યું કે આ થાળ કોના છે? કિશોરીઓએ કહ્યું કે અન્નક્ષેત્રના છે. કિશોરીઓ ખાલી થાળ લઇને પાછી ફરી. સ્વામી રાજરાજેશ્વરાનંદજીને આમાં કંઇ સમજ પડી નહિ એટલે તે સ્વામીજીની કુટીર તરફ ગયા. હંમેશની માફક કુટીર અંદરથી બંધ હતી. તેમણે બારણું ઠોકતાં સ્વામીજીએ ખોલ્યું, 'સ્વામીજી, પેલી પંજાબી સ્ત્રીઓ કોણ છે?' - સ્વામીજીએ પૂછ્યું 'કઇ પંજાબી સ્ત્રીઓ?' 'કેમ નવરાત્રી પૂજા માટે રેશમી વસ્ત્રો, ઘરેણાં વગેરે લઇ મારી પાસે મોકલી હતી તે સ્ત્રીઓ.' સ્વામીજીએ કહ્યું : 'મેં કોઇને મોકલી નથી.' સ્વામી રાજરાજેશ્વરાનંદજી આશ્ચર્યમાં પડી ગયા. તેઓ અન્નક્ષેત્રની ઓફિસે દોડ્યા. ત્યાં પણ કોઇ સ્ત્રીઓ ન હતી. થાળ પણ ન હતા.

સ્વામી અદ્વૈતાનંદજીએ કહ્યું : ''સ્વામી

રાજરાજેશ્વરાનંદજીએ આ પ્રસંગ મને આંખોમાં આંસુ સાથે કહ્યો.''

'હું માતાજીનાં દર્શન માટે ઘણાં વરસોથી પ્રખર સાધના કરું છું. હું જાણું છું તે પ્રમાણે સ્વામી શિવાનંદ તાંત્રિક સાધના જાણતા ન હતા અને છતાં જ્યારે માતાજીએ મને દર્શન આપવાની કૃપા કરી તે સ્વામી શિવાનંદની પ્રેરણાથી! માતાજીએ મને ઘરેણાં અને રેશમી વસ્ત્ર આપ્યાં અને સ્વામીજીને આત્મસાક્ષાત્કાર આપ્યો.'

સદ્‌ગુરુદેવ શિવાનંદજી મહારાજનો આદિશક્તિ મા સાથે આવો ભવ્ય સંબંધ હતો.

ગુરુભગવાન સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજને તેમની યુવાનીમાં દક્ષિણેશ્વરના મહાત્મા શ્રી રામકૃષ્ણ પરમહંસદેવમાં પોતાનો આદર્શ સાંપડ્યો હતો. તેમણે 'The Gospel of Sri Ramkrishna' (રામકૃષ્ણ કથામૃત)નો અભ્યાસ કર્યો. શ્રી શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના તેમનાં ધર્મપત્ની પૂજ્ય માતા શારદામણિદેવી સાથેના અસાધારણ સંબંધ અંગે વાંચીને તો એમનામાં સ્ત્રીજાતિ પ્રત્યેનો સદંતર નવો અને ક્રાંતિકારી અભિગમ પેદા થઇ ગયો. પ્રત્યેક સ્ત્રીમાં એમને દિવ્યમાતાનાં દર્શન થવા લાગ્યાં. ભરયુવાનીમાં પણ સ્ત્રી અંગેના એમના વિચારો અને વર્તણૂક અને ચારિત્ર્યને આવા આદરપૂર્ણ અને સો ટચના સોના જેવા નિષ્કલંક જોઇને એમના મિત્રો તો અવાક રહી જતા. એમના માટે સ્ત્રીએ દિવ્યમાતાની સાક્ષાત્ મૂર્તિ હતી. ના, ના, સ્વયં નારાયણી! લિંગથી પર એવો એક આત્મા જ હતો.

એક વખત દિલ્હી સ્ટેશનના પ્લેટફોર્મ પર સ્વામીજી ઘણા ભક્તો વચ્ચે ઊભા હતા. ગામડાનાં એક ડોસીમા માથા પર ખાસ્સા બોજ ઉપરાંત હાથમાં પેટી લઇને જતાં હતાં. આટલા બોજ સાથે માંડ ચાલી શકતાં હતાં. સ્વામીજીની નજર ડોસીમા પર પડી અને ક્ષણમાં ડોસીમા પર શું વીતતું હતું તે પામી ગયા. સ્ત્રી માત્રમાં જગદંબાનાં દર્શન કરતા સ્વામીજીએ ભક્તોને આઘા ખસેડી ઝડપથી માજી પાસે પહોંચી પેલી મોટી પેટી ઉપાડી લીધી અને સાથે ચાલવા લાગ્યા. માજી સાથે અત્યંત પ્રેમપૂર્વક અને નમ્રતાથી વાત કરવા માંડી. આ બધું એટલું ઝડપથી બની ગયું કે ભક્તોને પહેલાં તો કાંઇ સમજાયું નહીં પણ પછી તરત જ સ્વામીજી પાસેથી મોટી પેટી લઇ લીધી.

આપણા શિવાનંદ આશ્રમમાં અષ્ટલક્ષ્મી સહિત આદિશક્તિ બિરાજમાન છે, જેનાં દર્શન ભવ્યાતિભવ્ય છે. આસો માસની નવરાત્રીના અષ્ટમીના પવિત્ર દિવસે મા જગદંબાના દાર્શનિક સ્વરૂપની પૂજા કરવાના હેતુથી દર વર્ષે આદિશક્તિપીઠ ખાતે નાની નાની ૧૦૮ નિર્દોષ કન્યાઓનું પૂજન થાય છે. લાંબી સાદડી પર કન્યાઓ લાઇનબંધ બેસી જાય અને પ.પૂ.સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજની અધ્યક્ષતામાં દુર્ગાપૂજા શરૂ થાય. દરેક કન્યાની સામે જઇ તેમના કપાળમાં કંકુનો ચાંલ્લો કરવામાં આવે, ફૂલ ચઢાવાય. દરેક કન્યાને ફળ-ફૂલ, રેશમી વસ્ત્રો ચઢાવી આરતી ઉતારવામાં આવે અને નૈવેદ્ય ધરાવવામાં આવે. અદ્‌ભુત વાતાવરણ સર્જાય. આ દર્શનનો લહાવો પણ દિવ્ય છે.

દિવ્ય માતાનો જય હો! ચૈત્ર સુદ પડવાથી નોમ સુધીની 'વસંત નવરાત્રી' આપણી આંતરિક અશુદ્ધિઓ, દુર્ગુણો અને ક્ષતિઓનો નાશ કરી પવિત્રતા, દાન, દયા, ઉદારતા, શાંતિ, અભય વગેરે દિવ્ય ગુણોનો ઉદય કરી ક્રમે ક્રમે આપણા આધ્યાત્મિક જ્ઞાનમાં પ્રગતિ કરાવી ઈશ્વર સાથે સાયુજ્ય કરાવી આપે, જીવસ્વરૂપમાંથી શિવસ્વરૂપની પ્રાપ્તિ કરાવે તેવી મા જગદંબાને પ્રાર્થના!

**ૐ શક્તિ ૐ શક્તિ ૐ શક્તિ પાહિ મામ્।**
**બ્રહ્માશક્તિ વિષ્ણુશક્તિ શિવશક્તિ રક્ષ મામ્।**
**ૐ આદિશક્તિ મહાશક્તિ પરાશક્તિ પાહિ મામ્।**
**ઈચ્છાશક્તિ ક્રિયાશક્તિ જ્ઞાનશક્તિ રક્ષ મામ્।**

# અહો અહો શ્રીસદ્ગુરુ

- શ્રીમોટા

## શ્રીસદ્ગુરુને વંદના

મારા જીવનપ્રદાતા, જીવનપ્રેરક, જીવનજ્યોતિ, જીવનઆત્મા સમા, પૂજ્યપાદ ગુરુમહારાજે મને આ માર્ગમાં ઊંડો પ્રવેશ કરાવતાં પહેલાં કહેલું તે આજે કેટકેટલું યાદ આવે છે ! ત્યારે એની પૂરી સમજ આવી ન હતી, પણ એની મહત્તા તો સમજાઈ હતી, એની અનિવાર્યતા ગળે ઊતરતી હતી, તેથી જ એમનો હૃદયથી લાભ (એમની જ કૃપાથી) લેવાઈ શકાયો હતો. એ અવાજ, એ અવાજની ગંભીરતા, એ અવાજની મૃદુતા, એ અવાજનો શુદ્ધ - સાત્ત્વિક પ્રેમ એ અવાજમાં એમનો શુદ્ધ સાત્ત્વિક હુંકાર, એ અવાજમાં એમનો નિર્ગળતો આત્મા, એ બધું આજે પણ વર્તમાનવત્ નજર સામે હૃદય આગળ પ્રત્યક્ષ થઈ જાય છે અને એ સૌજન્યભરી સાક્ષાત્ આત્મ પ્રેમમય મંગળ રમ્ય ભવ્ય ગૂઢ મૂર્તિને હૃદયની પ્રાર્થનાથી ભાવમય પ્રણામો કરું છું.

मम हृदयं ते अस्तु । मम चित्तं चित्तेनान्वेहि ॥

मम व्रते हृदयं ते दधामि । मम वाचमेकमना जुषस्व ॥

'મારા હૃદયમાં તારું હૃદય હો! મારા ચિત્તને તારા ચિત્ત વડે શોધ-શોધ્યાં કર-અનુસર.

મારા જીવનવ્રતમાં તારું હૃદય મૂકું છું અથવા હું ધારણ કરું છું એટલે કે તમારી હૃદયની ચેતનાનો ભાવ સતત મારા જીવનવ્રતમાં હું રાખ્યા કરું છું, મતલબ કે એવી ધારણા મારા જીવનમાં હું ધારણ કરું છું.

મારી વાણીને એકમન વડે (એકમના) એટલે એકાગ્ર મન વડે આનંદથી સેવન કર.'

સને ૧૯૨૧ની સાલમાં અને ૧૯૨૨ની શરૂઆતમાં અમારા જેવા કેટલાય વિદ્યાર્થીઓએ દેશની ભક્તિની ભાવનાના ઝનૂનમાં દેશની સેવામાં ઝંપલાવ્યું હતું. તે કાળનો ભાવનાનો જુસ્સો અને ભાવનાની રોનક, ઝલક અને એ ભાવનાનો ચમકારો આજે પણ દિલમાં અને નયનમાં ચમકારા પ્રેરે છે. સાહસ અને જોખમોને બિરદાવવાને જુવાનીને એ લડતે પડકાર આપ્યો હતો અને એ પડકારને યુવાનીએ પ્રેમથી સત્કાર્યો અને ઝીલ્યો હતો, પરંતુ એની પાછળ તો ધક્કો હતો ભાવનાના પરિબળનો. તે કાળ ભાવનાથી છલોછલ ઊભરાતો હતો. ત્યાગની તો પરંપરા ફૂટતી હતી. માથાં વધેરવા કેટલાયે યુવાનોમાં તત્પરતા જાગેલી હતી. એવા કાળમાં ભગવાન જ્યારે આપણું મોઢું ફેરવાવે છે, તે એક કોઈક મોટા ચમત્કારની હકીકત છે. ગરીબાઈ તો બહુ કારમી હતી. છ સાત માણસનું કુટુંબ, પોષણની જવાબદારી એકલી મારા ઉપર, ઘરડાં મા અને વિધવા ભાભી પણ થોડું ઘણું ઘરખૂણે મજૂરી કરીને મેળવે, એવી કપરી ગરીબાઈની સ્થિતિમાં હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે 'જીવીશ ત્યાં સુધી સેવામાં જ જીવન ગાળીશ.'

૧૯૨૧ની આખરમાં મેં જ્યારે લડતમાં ઝંપલાવેલું ત્યારે ભગવાનના માર્ગનો કે ભગવાનનો મને બિલકુલ કંઈ ખ્યાલ નહિ.

મેં કોઈ ગુરુ કરેલા નથી. એ તો મને જબરજસ્તીથી પકડી ગયેલા. આમ તો ત્યાં કંઈ જાત નહિ પણ મને એક એવો અનુભવ કરાવી દીધો.

અમદાવાદમાં શહેરમાંથી મંગળદાસ ટાઉન હૉલ તરફ જતાં પુલની શરૂમાં જમણા હાથે ત્યારે સાધુનાં કેટલાંક રહેઠાણો હતાં અને આજે પણ છે. ત્યાં એક બાળયોગી પધાર્યા હતા. તેમની પાસે ઘણા માણસો એકઠા થાય. તે કંઈ ઉપદેશ કે પ્રવચન આપતા નહિ. તેમની અવસ્થા ઉન્મત્ત હતી. રાત્રે સાબરમતી નદીના પાણીમાં ગાંડા હાથીની માફક મસ્તીથી ઊછળતા અને કૂદતા. આજે પણ અમદાવાદના કેટલાક ભાવુક ભાઈઓ તેમને યાદ કરે છે. તેમને હું ના ઓળખું, તેઓ મને ના ઓળખે છતાં તેઓશ્રી જે બધાં ત્યાં એકઠાં થયાં હોય તેમને કહે કે 'નડિયાદથી ચૂનીલાલને બોલાવો.' એક વખત નડિયાદના શ્રી નાનુભાઈ કંથારિયા તેમનાં દર્શનાર્થે ગયા હશે. તેમણે આ હકીકત સાંભળી. તેઓ

(શ્રી નાનુભાઈ કંથારિયા) અમદાવાદથી નડિયાદ જ્યારે પાછા ફર્યા ત્યારે તેમણે મને આ હકીકત કહી સંભળાવી. ત્યારે મેં તેમને કહ્યું કે, 'મારે સાધુની સાથે શી નિસબત! મારે કંઇ એમની પાસે જવું-કરવું નથી.' વળી ત્યારે તો હું એમ પણ માનતો કે આ સાધુ લોકો સમાજની ઉપર આર્થિક રીતે ભારરૂપ છે -They are economic burden on society - એમ હું દૃઢપણે સમજતો જોકે આજે મારું તે પરત્વેનું મંતવ્ય બદલાયું છે. એમાં કોઈક એવા વિરલા વીરો છે ખરા, પરંતુ સાધુસમાજનો પોતાનો જે ધર્મ છે; તે તેઓ સંપૂર્ણપણે યથાયોગ્ય પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક બજાવતા હશે કે કેમ તેની મને આજે પણ શંકા છે.

આ બાળયોગી મને ઓળખાણ-પિછાન વિના બોલાવતા હતા તે હકીકતનો જવાબ તો મેં વાળી દીધો હતો, પરંતુ વગર લેવાદેવા ઓળખાણ-પિછાન વિના, મારું નામ પણ જાણ્યા વિના, મારું નામ દઈને જ જ્યારે બોલાવે છે ત્યારે એમાં જરૂર કંઈક રહસ્ય તો હોવું જોઈએ એમ મનબુદ્ધિ વારંવાર દલીલ કરવા લાગ્યા, અને એ વિચારે તો પછી મારો કેડો જ ન છોડ્યો. એ વિચાર મારો કેડો મૂકે એ હેતુથી હું અમદાવાદ ગયો ત્યારે મારી ગરીબાઈની સ્થિતિ એવી કે અમદાવાદ જવાના પૈસા પણ ન મળે. ત્યારે મહિને એક આનો (છ પૈસા) માત્ર હજામતના ખરચતો હતો. જવા-આવવાનું ભાડું પણ પેલા શ્રી નાનુભાઈ કંથારિયા પાસેથી મેળવી લીધું હતું. આમ, શ્રીહરિકૃપાથી શ્રીબાળયોગી મહારાજનો ભેટો થયો.

પૂજ્ય શ્રીબાળયોગી મહારાજ ચોવીસે કલાક જાગતા રહે. બિલકુલ ઊંઘે જ નહિ. ખૂબ મસ્તી કરે. વાંદરાની જેમ કૂદાકૂદ કરે. મને સમજણ પડે નહિ કે આ શું તોફાન કરે છે? પછી એમણે મને ખૂબ ખવડાવ્યું. ચાર દિવસ રહ્યો તો ચાર દિવસનું મને ભાન નહિ. નહિતર તો હું રહું નહિ. એક દિવસની રજા લઈને આવેલો.

અડધાઅડધા કલાકે-પોણા પોણા કલાકે થાળીઓ આવે. કોઈક કોઈક વખત ચાંદીની થાળીઓ આવે અને એટલાં બધાં મિષ્ટાન્ન કે વાત ન પૂછો. કહે, 'ખા જાવ બચ્ચા. બચ્ચા, ખા જાવ.' ગળા સુધી તો આવી ગયું હોય એટલે કહું, 'મહારાજ, હવે મારાથી નહિ ખવાય.' 'નહિ બચ્ચા ખા જાવ.' અતિશયોક્તિ કર્યા વગર કહું કે ઓછામાં ઓછું બાર શેર-તેર શેર મારાથી ખવાયું હશે અને છેલ્લે મરચાંની ખીચડી આવી. 'અચ્છા, ખા જાવ.' બાપજી, આ તો ખવાય એવું જ નથી. જીભે...જીભે લ્હાળા ઊઠે છે.' 'બચ્ચા, ખા જાવ.' પછી આપણે તો ખાઈ ગયા. મરચાંની ખીચડી ખાઈ ગયો. પછી તે રાતે તો મને કંઈ વિચાર આવ્યા નહિ. ગુરુમહારાજની સાથે ફર્યા કર્યો. હુંય પણ ઊંઘું નહિ. એમની સાથે ફર્યા કરું. એ દોટ મૂકે તો હુંય દોટ મૂકું. એ છલાંગ મારે... સાબરમતીના પાણીમાં આમથી તેમ પડે અને હાથી જેમ કરે તેવું તોફાન કરે. તો હુંય એમની પાછળ પડું.

ચાર દિવસ સુધી ચાલ્યું. ત્યાર પછી મને ભાન થયું. અરે! આટલા બધા દિવસ હું અહીં આગળ રહ્યો! અરર! મેં રજા માગી. મેં કહ્યું, 'હું તો એક જ દિવસની રજા લઈને આવ્યો છું. પ્રભુ, આ તો ભયંકર અમારો દોષ ગણાય. મારાથી કદી કોઈ કાળે આવું થાય જ નહિ. આ તો મેં કંઈ દારૂ પીધો કે શું?' તો કહે, 'કાલે જજે.' મેં કહ્યું, 'મને તમે રજા આપો.' કહે, 'કલ જાના, કલ જાના' એટલે પછી એક દિવસ વધારે રહ્યો. એમ પાંચ દિવસ રહ્યો.

ભૂરકીથી અંજાઈ જઉં એવો તો હું ન હતો છતાં એમના તરફનું મારામાં આકર્ષણ પ્રગટ્યું. તેનાં કારણોમાં અહીં ઊતરતો નથી. તેમની પાસે વધારે રહી શકાય એવી તો મારી સ્થિતિ ન હતી. જે ચાર દિવસ એમની પાસે રહેવાનું પ્રભુકૃપાથી બન્યું, એ ચાર દિવસ ભાવાવસ્થામાં જ વીત્યા હતા. ભાવાવસ્થા તો આજે હું કહું છું, પણ ત્યારે તો તે સ્થિતિને હું સમજી શક્યો ન હતો. કોઈક ભાવમાં સંપૂર્ણપણે તલ્લીન અને તરબોળ હતો એટલી હકીકત યાદ છે. ત્યારે કોઈ સમયનું ભાન રહ્યું ન હતું. વધુ રહેવાય તેવું તો હતું નહિ એટલે મનમાં ને મનમાં સંકલ્પ પ્રભુકૃપાથી થયો કે શ્રી બાળયોગી પોતે કૃપા કરીને નડિયાદ પધારે અને તેઓશ્રી આ બાબતમાં કંઈક શિખવાડે તો શીખવું તો ખરું.

**☐ 'ભગતમાં ભગવાન'માંથી સાભાર**

# નિત્ય સ્વાધ્યાય

- શ્રી સ્વામી ચિદાનંદજી

## દિવ્ય જીવન જીવો!

પ્રભુએ નવું વર્ષ તમને બક્ષ્યું છે એનો આનંદોત્સવ માણો. એક સાવ કોરુંકટ પુસ્તક, જેના પર તમે ચાહો તે લખી શકો. તમે એ સુવર્ણાક્ષરોથી પણ ભરી શકો. સુવર્ણાક્ષરો પાડીને તમે જ તમારા મોટા શુભેચ્છક અને પરમ મિત્ર બની શકો. સાચા યોગી બનો, સાચા ભક્ત બનો. બસ, એ રીતે તમારી જાતને પ્રભુ સાથે જોડો. આવું થાય એ જ આશિષ.

સર્વત્ર પ્રભુની હાજરી અનુભવતાં નવા વર્ષનો શુભારંભ કરો. પ્રભુની સતત પ્રાર્થના કરતાં રહો. તમારા પોતાના આત્મીયરૂપે એને અનુભવો. તમારી નજરને ભીતર વાળો અને શાશ્વત આનંદને અનુભવો. રોજ સવાર-સાંજ થોડો થોડો સમય પ્રાર્થના અને નામસ્મરણ માટે કાઢો. ઈશ્વરની સ્મૃતિ સાથે જ દિવસ આરંભો અને દિવસ આખો એને યાદ કરો અને રાતે સૂવા જાઓ ત્યારે પણ એના વિચાર સાથે જ સૂઈ જાઓ. જપનો અભ્યાસ રોજેરોજ ચાલુ રાખો. સવાર-સાંજ પ્રભુના નામનું રટણ કરો. નિયમિત વ્યાયામ કરો. સાચું બોલો. બીજાની સેવા કરો. ગીતા-રામાયણ વાંચો, ભક્તિને વધારો. આ છે દિવ્ય જીવન. આવું ઉમદા જીવન જીવો. એથી તમને ઈશ્વર-પ્રતીતિ થશે. તમારા જીવનનો એકમાત્ર ઉદ્દેશ છે - પ્રભુપ્રાપ્તિ. બાકીનું બધું નિરર્થક છે. સાદાઈ અને પવિત્રતાપૂર્વકનું ઉમદા જીવન જીવીને પરમતત્ત્વને પામવા મથો.

તમારી સમક્ષ બિછાવાયેલા નૂતન વર્ષને ૩૬૫ પગથિયાંની ઉપર જતી એવી સીડી બનાવો કે જે નિઃસ્વાર્થતા, સમર્પણ અને સેવામય જીવનની ઉત્ક્રાંતિ બને અને વળી સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને ઉમદાપણાના સર્વોચ્ચ શિખર ભણી લઈ જનારી નીવડે. આ ઊંચાઈઓ સર કરો અને પ્રભુમય, દિવ્ય ચેતનામાં સરી પડો. આવા ઊંચા ઉન્નત શિખરને પામવા માટે તમારા પ્રત્યેક દિનને એકેક પગથિયું બનાવો અને આ વર્ષની ૩૧મી ડિસેમ્બરે તમે આજે જ્યાં ઊભા છો ત્યાંથી ઘણા ઊંચે ચઢી જાઓ.

આ નૂતન વર્ષે બસ, આગળ વધો. મહાન દિવ્ય ભવિતવ્યતા ભણી લઈ જતા એક લાગલાગટ આરોહણને પાર કરવાનો સંકલ્પ કરો. તમે જેવી અભીપ્સા રાખશો તેવું બનશે, કારણ કે પરમશક્તિ તમારી ભીતર સાથે ને સાથે જ છે. મુમુક્ષુને માટે, સાચા સંકલ્પબદ્ધ સાધકને માટે કશું જ અશક્ય નથી. સાતત્ય, ખંત, ધીરજ અને સૌથી વધુ તો સંનિષ્ઠાને પ્રતાપે બધું જ શક્ય બની શકે છે. પોતાના માટેનો અડગ વિશ્વાસ અને સતત-સ્થિર પુરુષાર્થ જોઈએ. ભલે ગતિ ધીમી હોય, પણ સ્થિર રહે. થોડી પણ નિરંતર - સતત હોય તો રોજેરોજ તમે ઊંચે ને ઊંચે આગળ ધપશો. સ્થિર, સતત અને ધૃતિપૂર્વકના પ્રયાસને પરિણામે તમે પૂર્ણતાના પરમ શિખર પર અવશ્ય પહોંચી શકશો. આ જ છે એકમાત્ર ઉપાય. ગુરુચાવી.

તમારામાં શ્રદ્ધા રાખો. આત્મવિશ્વાસ કેળવશો તો પ્રતીતિ થશે કે સાચા સાધક માટે કશું જ પ્રાપ્ત કરવું અશક્ય નથી. એનું કારણ પણ આ જ કે તમારો જન્મ પણ એના માટે જ છે, તમારા જીવનનું પ્રયોજન જ આ છે. તમે દાવો કરી શકો એવો આ તમારો જન્મસિદ્ધ અધિકાર છે.

**☐ 'નિત્ય સ્વાધ્યાય'માંથી સાભાર**

# વૃત્તાંત

● **તા. ૧-૨-૨૦૧૫ પાટણ :** આજે વહેલી સવારે લંડન-શટન શરેથી શ્રીમતી હેમાબહેન પટેલ, ડૉ. નીલ પટેલ (પ્રો. ઓક્સફર્ડ યુનિવર્સિટી) અને તેમનાં બીજાં બે પરિજનોનું શિવાનંદ આશ્રમ ખાતે આગમન થયું. તેઓ ચાર અને પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ પાટણ પાટીદાર સમાજ દ્વારા આયોજિત સમૂહલગ્ન અને યુવા સંમેલનમાં ભાગ લેવા માટે પાટણ પધાર્યા.

અત્રે બાર હજાર પાટીદાર પરિજનો એકત્રિત થયા હતા. 'સુખી દામ્પત્યજીવનનો એક માર્ગ દિવ્ય જીવન પથ' પર પૂજ્ય સ્વામીજીએ મનનીય ઉદ્‌બોધન કર્યું. પોતાના ઉદ્‌બોધનમાં સ્વામીજીએ કહ્યું, ''લાખો રૂપિયા ખર્ચીને ધામધૂમથી થતાં લગ્નો બે- ચાર મહિને કે બે ચાર વર્ષે તૂટતાં જાય છે. તેનું કારણ સહનશીલતાનો અભાવ અને અહંકારનો ઉન્માદ છે. દામ્પત્યજીવનનો અર્થ જ પરસ્પર સમર્પિત જીવન થાય, પરસ્પર સમજણ, પરસ્પર પ્રેમ અને પરસ્પર સદ્‌ભાવ તથા સન્માનથી જ દામ્પત્ય જીવન ઉજ્જવળ બની શકે. દામ્પત્ય જીવનના આકાશમાં ઊડવા માટે બે આવશ્યક પાંખો છે - સેવા અને સમર્પણ. વડીલોની સેવા અને અહંકારનું ઉન્મૂલન તથા સહજતા તથા સરળતાનું ઉપાર્જન જ દામ્પત્યજીવનને દીપાવી શકે''. આ પ્રસંગે વૃક્ષારોપણ અને બૃહદ રક્તદાન શિબિરનું આયોજન પણ થયું.

● **તા. ૫-૨-૨૦૧૫ વડોદરા :** દિવ્ય જીવન ગુજરાતના પાયાના પ્રહરી દિવંગત શ્રી ઉછરંગરાય સ્વાદિયાજીનાં પૌત્રી સૌ.કાં. ચિ. દુર્ગાનાં લગ્ન ચિ. કાર્તિક સાથે આયોજાયાં હતાં. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના જીવનમાં શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો પરિચય અને વ્યક્તિગત જીવનમાં અધ્યાત્મપથમાં આરોહણ પૂજ્ય સ્વાદિયાજીના પ્રારંભિક માર્ગદર્શનથી થયેલું. આમ, પૂજ્ય સ્વામીજી આ સ્વાદિયા પરિવારના આજીવન ઋણી હોઈ આ લગ્ન સમારંભમાં પધાર્યા હતા.

● **તા. ૬-૨-૨૦૧૫ ભીમપુરા :** શ્રી શ્રી મા આનંદમયી સંઘના ભીમપુરા આશ્રમ ખાતે આયોજાયેલા સંયમ સપ્તાહની પૂર્ણાહુતિ તા. ૬-૨-૨૦૧૫ની મધ્યરાત્રીએ મહાનિશા ધ્યાન સાથે થઈ. ૭-૨-૨૦૧૫ની સવારે યજ્ઞ અને સંતોનો ભંડારો થયો. શિવાનંદ આશ્રમ, દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘના ઉપાધ્યક્ષ શ્રી મરૂત દવે પણ પૂજ્ય સ્વામીજી સાથે આ ઉત્સવમાં સમ્મિલિત થયા હતા.

● **તા. ૭-૨-૨૦૧૫ ગોપરી :** આજરોજ સાંજે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું ગોપરી (હાલોલ-કાલોલ થઈને) ગામે આગમન થયું હતું. આ ગામ ઠાકોર પ્રજાપતિના લોકોનું છે. પહેલાં આ ગામના લોકો ચોરી-લૂંટફાટ અને ધિંગાણુ કરવા માટે પ્રસિદ્ધ હતા. જ્યારે શ્રી ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજનાં પગલાં એક વાર આ ગામમાં પડ્યાં ત્યારથી ગોપરી ગામના લોકો સેવા, પ્રેમ, સત્સંગ અને પરોપકાર માટે પંકાયા છે. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ દર વર્ષે એક રાત્રી અને એક દિવસ માટે પધારે છે. ગામલોકો ઉત્સાહ પૂર્વક બેન્ડવાજાં, ઢોલ, નગારાં, શરણાઈ સાથે પૂજ્ય સ્વામીજીને 'ઘોડે' બેસાડીને ગામમાં ફલેકું કાઢે છે. મોડી રાત સુધી પૂજ્ય સ્વામીજીના સત્સંગ બાદ ફરીથી બીજા દિવસે સવારે સત્સંગ પછી ગોપરી અને આજુબાજુનાં ગામનાં હજારો લોકોનું સમૂહ ભોજન અત્રે યોજાય છે. આ આનંદ ઉત્સવનું તા. ૭-૨ની રાત્રે અને ૮-૨ની બપોરે મહાપ્રસાદ સાથે સમાપન થયું.

● **તા. ૧૪-૨-૨૦૧૫ ખેડબ્રહ્મા-અંબાજી :** ખેડબ્રહ્માની આર્ટ્સ અને કોમર્સ કોલેજના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તથા પારિતોષિક વિતરણ સમારંભ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના અતિથિવિશેષપદે આયોજાયો. આશ્રમમાં પધારેલા લંડનના મહેમાનો અને આશ્રમના અંતેવાસીઓ મળીને સૌ દશ લોકો અત્રે પધાર્યા.

પૂજ્ય સ્વામીજીએ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં કહેલું કે, ''હવે તમો નાના આકાશને છોડી વિશાળ મુક્ત આકાશના યાત્રી બનો છો. અહીં ઉડાણની ઊંચાઈ વધારે છે. સાવધાની વરતવી. હવે પછીનું જીવન, ગુલાબનાં પુષ્પો ચૂંટવા જેવું સરળ સહજ નથી. તેની સાથે રહેલા કંટકોથી બચવું જોઈએ.'' પૂજ્ય સ્વામીજીએ કહ્યું ''દશમા અને બારમાની બોર્ડની પરીક્ષાઓમાં ફોટા પડાવ્યા હતા તેની સાથે આજના ફોટાઓની સરખામણી કરો. અહીંથી વિદાય લીધા બાદ બીજાં દસ વર્ષે નવા ફોટા પડાવજો. આપણો ચહેરો દિનપ્રતિદિન ખરડાતો જાય છે.

આપણા જીવનની સરળ સહજ કેડી કાંટાળી થતી જાય છે; તેનો અનુભવ કરો છો! માટે જીવનનું લક્ષ્ય નક્કી કરો. ધ્યેય પ્રત્યે જ અગ્રસરો. જેમ ખેતીમાં નીંદામણ કરવું પડે, તેમ જીવનકવનને માર્ગે આવતી અનાવશ્યક અનર્ગલ વિચારધારાથી દૂર રહેજો. તમારાં જીવનની ચાવી તમો છો. તમો તમારા જીવનની સમસ્યા છો અને તમો જ સમાધાન છો. ઈશ્વર અનુગ્રહ બહુવિધ મંગળ કરો.''

મધ્યાહ્ન ભોજન ખેડબ્રહ્મા ખાતે લઈને અંબાજી ખાતે શ્રી શ્રી ભગવતીનાં દર્શન કરી સૌ ઢળતી સાંજે અમદાવાદ પાછાં ફર્યાં.

● **તા. ૧૬-૨-૨૦૧૫ અમદાવાદ :** શ્રી ચીમનભાઈ પટેલ ગુજરાત વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા ગુજરાતના દિવંગત મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ સ્મૃતિ વ્યાખ્યાન અમદાવાદના સુપ્રસિદ્ધ ભાઈ-કાકા ભવન ખાતે તા. ૧૬-૨-૨૦૧૫ ને સોમવારની સાંજે ૫.૧૫ થી ૬.૪૫ કલાક સુધી આયોજવામાં આવ્યું હતું.

'સ્વસ્થ મનથી સ્વસ્થ હૃદય' CALM THE MIND, HEAL THE HEART વિષય પર ખૂબ જ મનનીય પ્રવચનની નોંધ લેતાં સુપ્રસિદ્ધ દૈનિકોએ લખ્યું. ''મન દેખાતું ન હોવા છતાં આપણાં સુખદુઃખનું કારણ આપણું મન જ છે. સતત પ્રાણાયામ, ધ્યાન, સદ્‌ગ્રંથોનું વાંચન, સકારાત્મક વિચારશૈલી, મનનાં નિયમિત રીતે આંતરનિરીક્ષણ અને બાહ્ય વિલાસી જીવનથી ક્રમશઃ આંતરિક ચેતનાના - સ્વકીય જીવન સાથે રહેવાનો પ્રમાણિક પ્રયત્ન જ મનની શાતા આપી શકે છે. અને મન સ્વચ્છ રહે તો હૃદય સ્વસ્થ રહેશે જ તે એક નિર્વિવાદ સત્ય છે.''

આ પ્રસંગે શ્રી ચીમનભાઈ પટેલની ૨૧મી પુણ્યતિથિ નિમિત્તે આયોજાયેલ સ્મૃતિ વ્યાખ્યાનમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી ઊર્મિલાબહેન, પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ, કોંગ્રેસ અગ્રણી નેતા શ્રી શક્તિસિંહ ગોહેલ તથા શહેરના અનેક અગ્રગણ્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

● **તા. ૧૭-૨-૨૦૧૫, અમદાવાદ :** ભગવાન ભોળાનાથ આશુતોષ મહાદેવ શ્રી વિશ્વનાથ ભગવાનનો વાર્ષિકોત્સવ શિવરાત્રી ઉત્સવ શિવાનંદ આશ્રમ ખાતે ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવ્યો.

સવારે બ્રાહ્મમુહૂર્તે ૩.૪૫ કલાકે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર અને વેદઘોષ સાથે ષોડષોપચાર પૂજા કરી. ત્યાર બાદ સવારના ચારથી બીજા દિવસના સવારે ચાર વાગ્યા સુધી બે લઘુરુદ્રો, ૧૦૮ રુદ્રીપાઠ, મંદિરની અંદર અને બહાર સામૂહિક પૂજા થયાં. સાંજે શ્રી વિશ્વનાથ મહાદેવના ભવ્ય અને દિવ્ય પુષ્પ શૃંગારની મહાઆરતી તથા ભસ્મ આરતી પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે ઉતારી.

સાંજે ૫.૦૦ થી ૮.૦૦ સુધી ડૉ. જયંતભાઈ વસાવડાના મંડળ દ્વારા , ૮.૦૦ થી ૧૦.૩૦ સુધી ડૉ. મોનિકાબહેન શાહના આરાધના સંગીત વિદ્યાલયનાં એકસો વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા અને ત્યારબાદ ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી પંડિત નીરજચંદ્ર પરીખ - પંડિત માતંગ પરીખ, શ્રીમતી દૃષ્ટિ પરીખ તથા શ્રી યશ મહેતા દ્વારા શાસ્ત્રીય ગાયન થયું. રાત્રે ૧૨.૩૦ પછી સુશ્રી મયૂરિકાબહેન ઓઝા, વડોદરા દિવ્ય જીવનના શ્રી રમણલાલ રાણાજી અને અંતે પૂજ્ય સ્વામીજીએ સામૂહિક મૃત્યુંજય મંત્ર સાથે બ્રાહ્મમુહૂર્તે ચાર વાગ્યે આઠમા પ્રહર આરતી સાથે પ્રસાદવિતરણ કરીને શિવરાત્રી ઉત્સવનું મંગળ સમાપન કર્યું.

આ ચોવીસ કલાક દરમ્યાન આશરે ૨૫ થી ૩૦ હજાર જેટલા ભક્તોએ ભગવાન વિશ્વનાથનાં દર્શન અને અભિષેક અર્ચનાનો લાભ લીધો. તા. ૧૮/૨ની સવારે મહાદેવના વિશાળ ભંડારા-મહાપ્રસાદનું આયોજન થયું. જેમાં ૨૨૫ કિલો લાડુના પ્રસાદ અને મહાભોગનું ભોજન ભક્તોને પીરસવામાં આવ્યું.

● **તા. ૨૦-૨-૨૦૧૫ થી ૨૫-૨-૨૦૧૫ હરિદ્વાર, હૃષીકેશ, શિવાનંદ આશ્રમ :** નિવૃત્ત શંકરાચાર્ય, મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી સત્યમિત્રાનંદજી મહારાજના અંગત નિમંત્રણે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તથા શિવાનંદ આશ્રમનું એક ભક્ત મંડળ તા. ૨૦-૨-૨૦૧૫ થી ૨૫-૨-૨૦૧૫ સુધી હરિદ્વાર, હૃષીકેશ અને શિવાનંદ આશ્રમની યાત્રાએ આવ્યું. શિવાનંદ આશ્રમ ખાતે સૌએ પવિત્ર વિશ્વનાથ મંદિર અને સમાધિ મંદિરનાં દર્શન કર્યાં તથા આશ્રમના અધ્યક્ષશ્રી પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી વિમલાનંદજી મહારાજનું સાંનિધ્ય પ્રાપ્ત કર્યું. પૂજ્ય સ્વામીજી મહારાજનાં પવિત્ર દર્શન અને સત્સંગ તથા હરિદ્વારના દિવ્ય કાર્યક્રમોનો લાભ લઈ સૌ તા. ૨૬-૨-૨૦૧૫ના રોજ અમદાવાદ પાછા ફર્યા.

● **તા. ૨૭-૨-૨૦૧૫ પટણા :** ''મૈં હી'' સત્સંગ માટે પનસલવા જતાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ

પટણા પધાર્યા. અત્રે કંકડબાગ ખાતે તેમનો સત્સંગ આયોજાયો. આ સત્સંગનું આયોજન શ્રીમતી લક્ષ્મી શ્રીવાસ્તવજીએ કર્યું.

● **તા. ૨૮-૨-૨૦૧૫ પનસલવા :** ''મૈં હી'' સત્સંગ સમાગમ દ્વારા આયોજિત ભવ્ય સંત સમાગમનું અધ્યક્ષસ્થાન પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે ગ્રહણ કર્યું. આ પ્રસંગે ત્રણ લાખથી વધુ ભક્ત સમુદાય ઉપસ્થિત રહ્યો. ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ, વિદેશ મંત્રાલય, ભારત સરકાર દ્વારા આશ્રમની લોનમાં રાત્રે ૮.૦૦ વાગ્યે આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા 'રામાયણ' નૃત્ય નાટિકાનું ભવ્ય આયોજન થયું, જેને અનેક ભક્તોએ નિહાળી હર્ષિત થયા.

## શિવાનંદ આશ્રમના આગામી ઉત્સવો

- **ચૈત્ર નવરાત્રી ઉત્સવ :** શનિવાર તા. ૨૧મી માર્ચથી શનિવાર તા. ૨૮મી માર્ચ શ્રી રામનવમી સુધી સમ્પન્ન થશે. દરરોજ બપોરે ૪.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી શ્રી રામચરિતમાનસના નવાહ્ન પારાયણ ઉપરાંત શ્રી રામનવમીના પવિત્ર દિવસે શ્રી રામ પ્રાગટ્ય ઉત્સવ-અર્ચના થશે.
- **શ્રી હનુમાન જયંતી ઉત્સવ :** શનિવાર તા. ૪થી એપ્રિલના રોજ શ્રી દુઃખભંજન હનુમાન મંદિરમાં મારુતિયજ્ઞ, પૂજા અને અર્ચના તથા ભંડારો થશે.
- **૭૭૪મો યોગાસન, પ્રાણાયામ, ધ્યાન શિબિર** તા. ૨૧/૪ થી ૩૦/૪ સુધી આશ્રમમાં આયોજાશે. આ પ્રશિક્ષણ સત્રનું સુકાન પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી સંભાળશે.
- ૨૬મી એપ્રિલ, રવિવારે સ્વૈચ્છિક રક્તદાન શિબિર
- ૨૧ એપ્રિલ થી ૨૮ એપ્રિલ સુધી પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના શતાબ્દી પર્વ નિમિત્તે શ્રીમદ્ ભાગવત કથા-સપ્તાહનું આયોજન છે. વ્યાસપીઠ પર પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ બિરાજશે.
- ૨૯ એપ્રિલના રોજ શ્રી શ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિપીઠનો પંદરમો પાટોત્સવ થશે. નવચંડી યજ્ઞ સવારે ૭.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી, ત્યારબાદ ભંડારો થશે. સાંજે ૬.૩૦ થી ૯.૦૦ વાગ્યા સુધી શ્રી શ્રી અષ્ટલક્ષ્મીભવનમાં ''માતા કી ચૌકી'' માતૃભક્તિ સંગીત-શ્રી અજય યાજ્ઞિકજી (દિલ્હી) દ્વારા પ્રસ્તુત થશે.
- ૩૦ એપ્રિલની સાંજે ૬.૩૦ થી ૯.૦૦ સુધી શ્રી સુંદરકાંડ પારાયણ શ્રી અજય યાજ્ઞિકજી દ્વારા.
- ૧ મે ૨૦૧૫ સામૂહિક મૃત્યુંજય મંત્ર જપ : સવારે આઠથી દશ, સાડા દશથી બાર, મધ્યાહ્ન ભોજન બપોરે બારથી બે અને વિશ્રાન્તિ બાદ ફરીથી બે થી ચાર અને ચાર વાગે ચ્હા માટેનો વિરામ અને છેલ્લે સાડા ચારથી સાંજના છ વાગ્યા સુધી કરવામાં આવશે.


  આ જપયજ્ઞમાં સામેલ થવા માટે સૌ મુમુક્ષુઓનું સ્વાગત છે અગાઉથી આ માટે નામ લખાવી ઉપકૃત કરશોજી.

● ૨ મે, ૨૦૧૫

ગુજરાત દિવ્ય જીવનની વાર્ષિક પરિષદ
સવારે નવ થી બાર - સત્સંગ
બપોર બાર થી બે ભોજન
બપોરે બે થી ત્રણ સુધી - સંગઠન સંવર્ધન ચર્ચા
શ્રી અરુણભાઇ ઓઝાના માર્ગદર્શનમાં
ત્રણ થી સાડા ત્રણ : ચ્હા
સાડા ત્રણ થી સાડા પાંચ - સત્સંગ
સાડા છ થી સાડા આઠ વાગ્યા સુધી સંત સમાગમ

● ૩ મે, ૨૦૧૫

સવારે મંગલ ધ્વનિ-ધ્યાન - ૫.૩૦ થી ૭.૦૦
સવારે ૮.૦૦ થી ૯.૦૦ શ્રી ગુરુપાદુકા પૂજન
સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ સુધી આયુષ્ય હોમ
સવારે ૧૧.૦૦ વાગ્યે દરિદ્રનારાયણ સેવા
સાંજે ૬.૩૦ થી ૮.૩૦ સર્વધર્મ સદ્ભાવના
સાંજે ૮.૩૦ થી ૯.૩૦ મહાપ્રસાદ
સાંજે ૯.૩૦ થી ૧૨.૦૦ સુધી સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ, મહાનિશા ધ્યાન


દીપી ઉઠશે સંસાર...
જ્યારે મળશે તમારા સંસ્કારને
અમારો શણગાર...
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
f
Sunday Open
Ahmedabad
Satellite
Opp. Jodhpur Char Rasta BRTS Bus Stand
C.G.Road
Opp. Lal Bungalow
100% Hallmarked Jewellery

ISO 22000 ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.

ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

**રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.**

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity




મહાશિવરાત્રી નિમિત્તે શ્રી વિશ્વનાથ ભગવાનનાં શૃંગારદર્શન



મહાશિવરાત્રી નિમિત્તે મહાઆરતી કરતા પૂ. સ્વામીજી મહારાજ



ડૉ. મોનિકાબહેન શાહ (આરાધના સંગીત વિદ્યાલય) અને વૃંદ દ્વારા ભક્તિસંગીત




હૃષીકેશ, શિવાનંદ આશ્રમમાં
પ. પૂ. સ્વામી શ્રી વિમલાનંદજી મહારાજ સાથે પૂ. સ્વામીજી



પંડિત નીરજચંદ્ર પરીખ, પંડિત માતંગ પરીખ અને કલાકારો દ્વારા ભક્તિસંગીત



ડૉ. જયંત વસાવડા (આંતરનાદ વૃંદ) દ્વારા ભક્તિસંગીત



## પછાત વિસ્તારના ગરીબ વિદ્યાર્થીઓ માટે વિનમ્ર અપીલ

દર વર્ષની જેમ આગામી જૂનથી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે ૧,૨૫,૦૦૦ નોટબુક અને ૫૦,૦૦૦ ચોપડીની માગ આવેલ છે. નોટબુક વિનામૂલ્યે અંતરિયાળ પછાત વિસ્તારના ગરીબ-વનવાસી વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. ૨૦૧૫-૧૬ પૂજ્ય સ્વામી ચિદાનંદજીના જન્મ શતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં મુખપૃષ્ઠ ઉપર સ્વામીજીના રંગીન છાયાચિત્ર સાથે તેઓશ્રીના ગુરુ પૂ. સ્વામી શિવાનંદજીના પણ આશીર્વાદ છાયાચિત્ર સાથે અંકિત કરવામાં આવશે. ભારતીય સંસ્કૃતિનાં માનવ જીવનની ઉત્ક્રાંતિમાં અમૂલ્ય વારસાને ઉજાગર કરતો પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક સંદેશ ઉપરાંત સૂર્યનમસ્કારની બાર સ્થિતિ, શ્રી સરસ્વતી મંત્ર, વિશ્વપ્રાર્થના, શ્રી મહામૃત્યુંજય મંત્ર અર્થ સાથે આપવામાં આવશે. **'Song of Eighteen Ities'** પ્રાર્થનાઓ, ધ્યાન-પ્રાણાયામ અને યોગના લાભ અને આવશ્યક સૂચનાઓ અને મહાપુરુષોના પ્રેરણાદાયી સંદેશાઓ પ્રસિદ્ધ કરવામાં આવશે. આવી સેવાભાવી પ્રવૃત્તિ માટે આર્થિક સહયોગ આવકાર્ય છે.

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI




ભારતમાતા મંદિર આયોજિત 'સીતા યજ્ઞ' નિમિત્તે સંત સમુદાય



હરિદ્વાર ભારતમાતા મંદિરમાં સંત સમાગમ




શિવાનંદ કુટીર, ઋષીકેશમાં પૂ. સ્વામીજી મહારાજ




શ્રી એકલિંગજી મહાદેવ ફાઉન્ડેશન-સમસ્ત ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ, અમદાવાદ
દ્વારા આયોજિત લઘુરૂદ્રમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી (તા. ૧૭-૨-૨૦૧૫)

## શક્તિ

આ વિશ્વ એક નાટક માત્ર છે! ગતિશીલતાના પ્રતીક સમી મા શક્તિનું એ અગમ્યરૂપ છે, જે અચળ શાશ્વત પરમતત્ત્વ પર અધિષ્ઠિત છે. આ પરમ વિસ્ફોટક ગતિશીલતા એ મૂળભૂત શક્તિ છે, આદિશક્તિ છે, મહાશક્તિ છે, પરાશક્તિ છે, મહાલક્ષ્મી છે. આમ તો એ આપણી કલ્પના બહારની શક્તિ છે. બ્રહ્મશક્તિ, વિષ્ણુશક્તિ તથા શિવશક્તિરૂપે એનું પ્રાગટ્ય એ સાધારણ માણસની સમજબુદ્ધિ બહારની આધ્યાત્મિક સંકલ્પના છે. - **સ્વામી ચિદાનંદ**

Print Vision

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh** Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234